અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ જૂન ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ ૬ | અંક : ૩૨૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## બોટાદમાં સિવિલ ડિફેન્સના “ઓપરેશન શિલ્ડ” અંતર્ગત સરકારી હાઈસ્કૂલ ખાતે જિલ્લા કલેક્ટરશ્રીની ઉપસ્થિતિમાં મોકડ્રીલ યોજાઈ





મોકડ્રીલમાં બ્લેક કમાન્ડો ટીમ, QRT ટીમ, BDDS અને ડોગ સ્ક્વોડ, આરોગ્ય તંત્ર, ફાયર બ્રિગેડ સહિત ઈમર્જન્સી સેવાઓ સાથે જોડાયેલા તમામ કર્મયોગીઓ જોડાયા.

### ઓપરેશન સિંદૂર નારી શક્તિનું પ્રતિક : પીએમ મોદી

# કાશ્મીરથી ગુજરાત સુધી BSFની મહિલા જવાનોએ મોરચો સંભાળ્યો : વડાપ્રધાન

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકમાતા દેવી અહિલ્યાબાઈ હોલ્કરની ૩૦૦મી જન્મજયંતી સાથે જોડાયેલા કાર્યક્રમમાં હાજરી આપી હતી




। (એજન્સી) ભોપાલ, તા.૩૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ મધ્ય પ્રદેશની મુલાકાતે છે. ઓપરેશન સિંદૂર બાદ એકબાજુ ભારતીય નેતાઓનું સર્વપક્ષીય ડેલિગેશન દુનિયાભરમાં ભારતનો પક્ષ મૂકી રહ્યું છે. ત્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ભારતના વિવિધ રાજ્યોમાં રેલી, રોડ શો અને સભાને સંબોધિત કરી રહ્યા છે. વડાપ્રધાન મોદીએ શનિવારે (૩૧ મે) લોકમાતા દેવી અહિલ્યાબાઈ હોલ્કરની ૩૦૦મી જન્મજયંતી સાથે જોડાયેલા કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન જનતાના સંબોધન દરમિયાન તેમણે અહિલ્યાબાઈના મહાન કામથી લઈને ઓપરેશન સિંદૂર અને તેમાં મહિલાઓ જવાનોના યોગદાન વિશે વાત કરી હતી.

જનતાને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, અહિલ્યાબાઈ હોલ્કરે પ્રભુસેવા અને જનસેવાને ક્યારેય અલગ નથી માન્યું. તે હંમેશા શિવલિંગ પોતાની સાથે લઈને ચાલતા હતાં. પડકારભર્યા સમયે એક રાજ્યનું નેતૃત્વ કાંટાના તાજ પહેરવા જેવું કામ હતું. પરંતુ, લોકમાતાએ તે કર્યું અને પોતાના રાજ્યને નવી દિશા આપી. તેમણે ગરીબમાં ગરીબ વ્યક્તિને સમર્થ બનાવવાનું કામ કર્યું હતું.

સંબોધનમાં વડાપ્રધાન મોદીએ ઓપરેશન સિંદૂર વિશે વાત કરતા કહ્યું કે, આતંકીઓએ નારી શક્તિને પડકાર ફેંક્યો હતો અને આ પડકાર તેમના અને તેમના આકાઓ માટે કાળ બની ગયો. આપણી સેનાએ દુશ્મનના ઘરમાં સેંકડો કિમી દૂર આતંકી ઠેકાણાને તબાહ કર્યા.

આ અત્યાર સુધીનું સૌથી મોટું સફળ ઓપરેશન છે. આ ઓપરેશન આપણી નારી શક્તિના સામર્થ્યનું પ્રતિક બન્યું. આપણે બધાં જાણીએ છીએ કે, BSFની ઓપરેશન દરમિયાન ખાસ ભૂમિકા હોય છે. કાશ્મીરથી ગુજરાત સુધી BSFની દીકરીઓએ મોરચો સંભાળ્યો હતો. તેમણે સરહદી ફાયરિંગનો વળતો જવાબ આપ્યો છે. BSFની વીર બેટીઓએ અદ્ભૂત શૌર્ય બતાવ્યું, જે આખી દુનિયાએ જોયું. આ સિવાય નરેન્દ્ર મોદીએ મધ્ય પ્રદેશની મુલાકાત દરમિયાન અનેક વિકાસ કાર્યોનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. જેમાં ઈન્દોર મેટ્રો ટ્રેનનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ સિવાય દેવી અહિલ્યાના નામે એક વિશેષ પોસ્ટ ટિકિટ પણ બહાર પાડવામાં આવી.

મધ્ય પ્રદેશ વિશે વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, જે કાશીમાં લોકમાતાએ વિકાસના આટલા કામ કર્યા, તે કાશીમાં મને સેવા કરવાની તક મળી છે. આજે જો તમે કાશી વિશ્વનાથ મહાદેવના દર્શન કરવા જશો તો ત્યાં તમને અહિલ્યા બાઈની મૂર્તિ પણ મળશે.






વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મધ્ય પ્રદેશના ભોપાલ ખાતે લોકમાતા દેવી અહલ્યાબાઈ મહિલા સશક્તિકરણ મહાસંમેલન કાર્યક્રમ દરમિયાન પ્રદર્શિત પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

### ટ્રમ્પે ફરી ટેરિફ બોમ્બ ફોડ્યો

# અમેરિકામાં આયાત થતા સ્ટીલ પર હવે 50% ટેરિફનું એલાન

### જો પ્રસ્તાવિત ટેરિફ વધારો લાગુ કરવામાં આવશે તો તે સ્ટીલ પર ભારે નિર્ભર ઉદ્યોગોના ખર્ચમાં વધારો કરી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક ટેરિફ બોમ્બ ફોડતાં વિદેશમાંથી આયાત થતા સ્ટીલ ઉપર ટેરિફ બમણો કરવાની જાહેરાત કરી દીધી. હાલમાં સ્ટીલની આયાત પર ટેરિફ દર ૨૫ ટકા છે જે હવે વધારીને ૫૦ ટકા કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે આ ટેરિફનો હેતુ અમેરિકાના સ્ટીલ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો છે. પેન્સિલવેનિયામાં યુએસ સ્ટીલના મોન વેલી વર્ક્સ-ઈર્વિન પ્લાન્ટમાં સંબોધન કરતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ટેરિફ વધારો સ્થાનિક સ્ટીલ ઉત્પાદકોને સુરક્ષિત કરશે અને અમેરિકામાં ઉત્પાદનને મજબૂત બનાવશે. અહેવાલ મુજબ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે



કહ્યું, “અમે સ્ટીલ આયાત પર ટેરિફ ૨૫% વધારવા જઈ રહ્યા છીએ. અમે અમેરિકામાં સ્ટીલ પર ટેરિફ ૨૫% થી ૫૦% સુધી લાવવા જઈ રહ્યા છીએ, જેથી અમારા દેશમાં સ્ટીલ ઉદ્યોગ વધુ સુરક્ષિત બનશે.” ચીન પર કટાક્ષ કરતા ટ્રમ્પે કહ્યું કે અમેરિકાનું ભવિષ્ય “શાંઘાઈના હલકી ગુણવત્તાવાળા સ્ટીલ” પર આધાર રાખવાને બદલે “પિટ્સબર્ગની તાકાત અને ગૌરવ” થી નિર્માણ કરવા પર આધારિત હોવું જોઈએ. જો પ્રસ્તાવિત ટેરિફ વધારો લાગુ કરવામાં આવશે તો તે સ્ટીલ પર ભારે નિર્ભર ઉદ્યોગોના ખર્ચમાં વધારો કરી શકે છે, જેમાં હાઉસિંગ, ઓટોમોટિવ અને બાંધકામ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ટ્રમ્પ દ્વારા મજબૂત વેપાર સંરક્ષણ માટે સતત હાકલ વચ્ચે આ જાહેરાત કરવામાં આવી છે. સરકારી ડેટા અનુસાર, ૨૦૧૮ માં સ્ટીલ પર પહેલી વાર ટેરિફ લાદવામાં આવ્યા ત્યારથી અમેરિકામાં સ્ટીલ ઉત્પાદનોના ભાવમાં લગભગ ૧૬ ટકાનો વધારો થયો છે.

## પહેલગામમાં તૈનાત CRPF જવાન નીકળ્યો દેશનો દુશ્મન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ ૨૬ મેના રોજ દિલ્હીથી ASI મોતીરામ જાટની ધરપકડ કરી હતી. પાકિસ્તાનને ગુપ્ત માહિતી પૂરી પાડવાના આરોપસર મોતીરામની ધરપકડ કરવામાં આવી હતી. ખાસ વાત એ છે કે પહેલગામ હુમલાના ૫ દિવસ પહેલા જ મોતીરામની બદલી કરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું કે જાટ છેલ્લા બે વર્ષથી પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓ (જેઓ પોતાને પત્રકાર કહેતા હતા) ને મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી રહ્યા હતા. આ માહિતી માટે એક નિશ્ચિત રકમ નક્કી કરવામાં આવી હતી. NIA ને તેની તપાસમાં જાણવા મળ્યું કે મોતીરામ ૨૦૨૩ થી પાકિસ્તાન સાથે રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત ગુપ્ત માહિતી શેર કરી રહ્યો હતો. બદલામાં, તેને અલગ અલગ રીતે પૈસા પણ મળી રહ્યા હતા. ખાસ માહિતી માટે ૧૨૦૦૦ રૂપિયા સુધી આપવામાં આવી રહ્યા હતા. મોતીરામ જાટ પાકિસ્તાનના ગુપ્તચર અધિકારીઓને દરેક નવી અપડેટ આપતા હતા.

## ભ્રષ્ટાચારના કેસમાં EDના ડેપ્યુટી ડિરેક્ટરની ધરપકડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

દેશભરમાં અનેક જગ્યાએ મની લોન્ડરિંગ જેવા આર્થિક ગુનાઓના કેસોની તપાસ કરી લાખો-કરોડોના કૌભાંડને બહાર લાવનાર EDની વિશ્વસનીયતા પર સવાલો ઊભા થયા છે. કારણ કે, ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)ના ડેપ્યુટી ડિરેક્ટરની એક ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરાઈ છે. EDના ડેપ્યુટી ડિરેક્ટર ચિંતન રઘુવંશીને CBIએ ૨૦ લાખ રૂપિયાની લાંચ લેતા રંગે હાથે પકડી પાડ્યા છે. આરોપ છે કે, ચિંતન રઘુવંશી એક મની લોન્ડરિંગ (PMLA) કેસના સમાધાનના બદલામાં એક ઉદ્યોગ પતિ પાસેથી લાંચ માંગી હતી. સમગ્ર ઘટના ઓડિશાની રાજધાની ભુવનેશ્વરની છે. જ્યાં ED ની એક ટીમ ગઈકાલે સર્ચ ઓપરેશન માટે ગઈ હતી. દરમિયાન આ લાંચનો મામલો પ્રકાશમાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, ED ડેપ્યુટી ડિરેક્ટર ચિંતન રઘુવંશીએ ઉદ્યોગપતિ પાસેથી કુલ ૫ કરોડ રૂપિયાની લાંચ માંગી હતી. બાદમાં ૫૦ લાખ રૂપિયામાં સોદો નક્કી થયો હતો. જેના પ્રથમ હપ્તા તરીકે ૨૦ લાખ રૂપિયા લેતા ચિંતન રઘુવંશી રંગે હાથ ઝડપાઈ ગયા હતા.

### CDS ચૌહાણે આપ્યો જવાબ

# વિમાન પડ્યા મહત્ત્વના નથી, અમે શું શીખ્યા એ મહત્ત્વનું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ CDS અનિલ ચૌહાણે શનિવારે સિંગાપોરમાં પાકિસ્તાને ૬ ભારતીય ફાઈટર જેટ તોડી પાડવાના દાવાને નકાર્યો છે. તેમણે બ્લૂમબર્ગને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે આ દાવો તદ્દન ખોટો છે. જોકે આગળ તેમણે કહ્યું છે, કે કોઈ પણ યુદ્ધ નુકસાન વગર લડી શકાય નહીં. ભારતે પાકિસ્તાનને જે પ્રભાવી રૂપથી જવાબ આપ્યો. મહત્ત્વની વાત એ છે કે અમે ભૂલોને સમજી તેમાં સુધારો કરી શકીએ છીએ. પાકિસ્તાનનો દાવો છે કે તેણે ભારતના છ ફાઈટર જેટ તોડી પાડ્યા છે. જેના જવાબમાં અનિલ ચૌહાણે કહ્યું છે, કે તદ્દન ખોટું. ગણતરી મહત્ત્વની નથી, મહત્ત્વનું એ છે કે વિમાન કેમ પડ્યા અને અમે શું શીખ્યા? અને તેમાં શું સુધારો કર્યો.


આ મામલે કોંગ્રેસે પણ વીડિયો શેર કરી સરકાર સામે સવાલ કર્યા છે. કોંગ્રેસે કહ્યું છે, કે અનિલ ચૌહાણ તેમના નિવેદનમાં માની રહ્યા છે કે ભારતે ફાઈટર જેટ ગુમાવ્યાં છે.

### ૧૦ કેરેક્ટરનો DIGIPIN સરનામાને યુનિક બનાવશે

# દરેક મકાન-દુકાનને ડિજિટલ આઈડીથી આવરી લેવાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

દરેક ભારતીયની ઓળખ માટે આધાર અને ડિજિટલ પેમેન્ટ્સ માટે યુપીઆઈની પદ્ધતિ વિકસાવ્યા પછી ભારત સરકારે દરેક મકાન-દુકાનના સરનામાને ડિજિટલ આઈડી આપવા કવાયત હાથ ધરી છે. જેના કારણે સરકારી યોજના અને લાભ પહોંચાડવા હોય ત્યારે મકાન સહિતના દરેક સ્થળને વધારે ઝડપી અને સચોટ રીતે લોકેટ કરી શકાશે. દેશના અનેક સ્થળો પર સરનામાની વિગતો નક્કી કરવાની કોઈ પદ્ધતિ નથી. જેના કારણે સરનામાને



નજીકના લેન્ડમાર્ક અથવા તો અન્ય ઓળખ ચિહ્નોથી દર્શાવવામાં આવે છે. ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અન્વયે દરેક સરનામાને આવરી લેવાની યોજના પર કામગીરી શરૂ થઈ છે. દેશમાં ઘણી કંપનીઓ લોકોના સરનામાનો ડેટા એકત્ર કરી મંજૂરી વગર અન્ય લોકોને આપે છે. આ સ્થિતિ નિવારવા માટે કોઈ વ્યક્તિ સંબંધિત નાગરિકની સ્પષ્ટ સંમતિ વગર સરનામાની માહિતીની આપ-લે કરી શકશે નહીં. દેશમાં ઓનલાઈન શોપિંગ, કુરિયર, ફૂડ ડિલિવરી જેવા ક્ષેત્રો વિસ્તરી રહ્યા છે અને તેમના માટે યોગ્ય સરનામુ જરૂરી છે. જો કે ચોક્કસ સરનામાના અભાવે નિયત સ્થળ સુધી પહોંચવાનું અઘરું બને છે અને તેના કારણે દેશને દર વર્ષે ૧૦-૧૪ બિલિયન ડોલર જેટલું નુકસાન થાય છે. એક અનુમાન અનુસાર, ચોક્કસ સરનામા પદ્ધતિના અબાવે ભારતના જીડીપીને ૦.૫ ટકાનો ફટકો પડે છે. ‘ડિજિટલ એડ્રેસ’ સીસ્ટમ તૈયાર કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તેમાં સરનામું લખવા અને તેને જોખમરહિત શેર કરવા માટે ધોરણો નિયત કરવામાં આવશે. ડિજિટલ પ્લેટફોર્મ્સ આ પદ્ધતિનો લાભ લઈ શકશે, પરંતુ તેના માટે વ્યક્તિની મંજૂરી અનિવાર્ય રહેશે. પોસ્ટ વિભાગ દ્વારા આ પદ્ધતિ વિકસાવવામાં આવી રહી છે અને પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ દ્વારા તેના પર સીધી દેખરેખ રખાય છે. નવી સીસ્ટમનું ડ્રાફ્ટ વર્ઝન નાગરિકોના અભિપ્રાય માટે ટૂંક સમયમાં જાહેર થશે.

### મહારાષ્ટ્રના મંત્રીએ ફોડ પાડ્યો

# લાડલી બહેન યોજનાની ૨૨૦૦થી વધુ લાભાર્થી સરકારી કર્મચારી નીકળી

। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી અદિતિ તટકરેએ લાડલી બહેન યોજનાને લઈને મોટો ફોડ પાડ્યો છે. તેમણે જણાવ્યું કે, તપાસ દરમિયાન મુખ્યમંત્રી લાડલી બહેન યોજનાના ૨૨૦૦થી વધુ લાભાર્થીઓ સરકારી કર્મચારી હોવાનું સામે આવ્યું છે. મહારાષ્ટ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિએ શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ વાતનો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે, લાભાર્થીઓની ચકાસણી એક નિયમિત પ્રક્રિયા હશે. આ સાથે જ મંત્રી અદિતિએ કહ્યું કે, લગભગ ૨ લાખ અરજીઓની તપાસ કર્યા બાદ ૨,૨૮૯ સરકારી કર્મચારીઓ મુખ્યમંત્રી લાડલી બહેન યોજનાના લાભાર્થી હોવાનું જાણવા મળ્યું. આ માહિતી સામે આવ્યા બાદ આવા લાભાર્થીઓને યોજનાનો લાભ આપ વામાં નથી આવી રહ્યો.

અદિતિ તટકરેએ કહ્યું કે, સરકાર એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે, લાડલી બહેન યોજનાનો લાભ માત્ર લાયક લાભાર્થીઓને જ મળે અને તેના માટે અરજીઓની ચકાસણી ચાલુ રહેશે.

# કતારગામના ડભોલી ચાર રસ્તા ૨૨,૦૦૦થી વધુ વૃક્ષોના વાવેતરથી 'હરિત વન'નું નિર્માણ

। (માહિતી) સુરત, તા.૩૧ ।

પર્યાવરણ રક્ષણના ઉદેશ સાથે કતારગામના ડભોલી ચાર રસ્તા પાસે જિલ્લા પંચાયતની પડતર જમીન પર જિલ્લા પંચાયત, પાંડેસરા ઈન્ડસ્ટ્રીયલ એસો. તથા કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝના સંયુક્ત પ્રયાસોથી 'હરિત વન'નું નિર્માણ કરાયું છે. 'એક પેડ મા કે નામ' પહેલ હેઠળ ૨૨,૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરીને ઉભા કરાયેલા હરિતવનનું લોકાર્પણ વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરાયું હતુ. આ પ્રસંગે વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગયા વર્ષે 'એક પેડ મા કે નામ' અભિયાન શરૂ કરી ૧૪૦ કરોડ દેશવાસીઓને માતાના સ્નેહને શાશ્વત કરવા માટે માતાના નામે વૃક્ષ વાવવા આહવાન કર્યું હતું. 'માતૃ સબંધ' એ દુનિયાનો સૌથી મૂલ્યવાન સંબંધ હોય છે.માતાના સ્નેહ અને વાત્સલ્યનું



ઋણ ક્યારેય ચૂકવી શકાતું નથી, ત્યારે આ અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાં ગયા વર્ષે આશરે ૧૬૦ કરોડ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં ૧૭ કરોડ વૃક્ષો વાવવાના લક્ષ્યને સફળતા પૂર્વક પાર કરી રાજ્યમાં કુલ ૧૮ કરોડથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે. વધુમાં વનમંત્રીએ જણાવ્યું કે, કતારગામમાં જિલ્લા પંચાયતની પડતર જમીન કે જ્યાં પહેલાં કચરો નાખવામાં આવતો હતો, તેને સમથળ કરી સાફ સફાઈ થકી હરિત વનમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે, આ પહેલ બદલ જિલ્લા પંચાયત, પાંડેસરા ઈન્ડસ્ટ્રીયલ એસો. તથા કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, હરિત વનના નિર્માણથી આજુબાજુના રહેવાસીઓને શુદ્ધ અને આરોગ્યદાયક વાતાવરણ મળશે. સાથે સાથે પ્રતિદિન આશરે ૨૬ ટન ઓક્સિજન હવામાં ફેલાશે, જે પર્યાવરણ સંરક્ષણ અને જનસુખાકારીમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. આ પ્રસંગે સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, જિ.પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેનશ્રી આર.બી. બારડ, જિ.વિકાસ અધિકારી શ્રીમતિ શિવાની ગોયલ, જિલ્લા ખેતીવાડી અધિકારી સતિષ ગામીત, પાંડેસરા ઈન્ડસ્ટ્રીયલ એસો.ના પ્રમુખશ્રી કમલવિજય તુલસ્યાન, SGTPAના પ્રમુખશ્રી જિતેન્દ્ર વખારીયા સહિત આગેવાનો અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પંચાયતની પડતર જમીન પર હરિયાળીઃ ૨૨,૦૦૦થી વધુ વૃક્ષોનું મિયાવાકી પદ્ધતિથી વાવેતર કરીને તૈયાર કરાયું 'હરિત વન' . . . ડભોલી ચાર રસ્તા પાસે સ્વામિનારાયણ મંદિરની પાછળ ૨૨,૦૦૦થી વધુ વૃક્ષોનું મિયાવાકી પદ્ધતિ દ્વારા ૯,૨૮૩ ચોરસ મીટર વિસ્તારમાં વાવેતર કરી 'હરિત વન' ઉભું કરવામાં આવ્યું છે.

### સ્કૂલવર્ધી માટે ટ્રાન્સપોર્ટ વાહનનો ઉપયોગ કરાશે

# સ્કૂલવર્ધીના વાહનચાલકોએ શાળા શરૂ થાય એ પહેલા પરમીટ લેવી આવશ્યક

## RTO નિયમાનુસાર વાહનોમાં વિદ્યાર્થીઓની બેસાડવાની સંખ્યા પણ નક્કી કરાઈ છે ઓટો રિક્ષામાં ૬ નાના બાળકો, વેનમાં ૮ બાળકોની ક્ષમતા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

ઉનાળાના વેકેશન બાદ ફરી શાળોએ શરૂ થશે ત્યારે સ્કૂલવર્ધીના વાહનચાલકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. સ્કૂલવર્ધીના વાહનચાલકોએ શાળા શરૂ થાય એ પહેલા પરમીટ લેવી આવશ્યક છે. સ્કૂલવર્ધી માટે ટ્રાન્સપોર્ટ વાહનનો ઉપયોગ કરાશે. જો કોઈ નોન ટ્રાન્સપોર્ટ વાહનના ઉપયોગ કરશો તો તેની સામે દંડની જોગવાઈ કરાવામાં આવી છે. ગુજરાતમાં હાલ વિદ્યાર્થીઓને ઉનાળું વેકેશન ચાલી રહ્યું છે ત્યારે હવે થોડા દિવસો બાદ ફરીથી વિદ્યાર્થીઓની શાળાઓ શરૂ થશે. સ્કૂલ વર્ધી લેતા વાહન ચાલકો માટે મહત્વના સમાચાર છે. શાળા શરૂ થતા પહેલા પરમીટ લેવી



આવશ્યક બની છે. સાથે જ સ્કૂલ વર્ધી માટે ફક્ત ટ્રાન્સપોર્ટ વાહનનો ઉપયોગ કરી શકાશે જો કોઈ પણ વાહનચાલક નોન ટ્રાન્સપોર્ટ વાહનો ઉપયોગ કરશે તેની સાથે દંડની જોગવાઈ કરવામાં આવશે. RTO નિયમાનુસાર વાહનોમાં વિદ્યાર્થીઓની બેસાડવાની સંખ્યા પણ નક્કી કરાઈ છે. ઓટો રિક્ષામાં ૬ નાના બાળકો, વેનમાં ૮ બાળકોની ક્ષમતા છે જો તેનાથી વધુ વિદ્યાર્થીઓ બેઠા હશે તો કાર્યાવહી થઈ શકે, સ્કૂલ વર્ધીમાં ચાલતા વાહનોનો વીમો, PUC ફરજિયાત કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓનું વેકેશન પૂર્ણ થયા બાદ શાળા શરૂ થતા ડ્રાઈવનું આયોજન થશે.

### તારાપુરમાં ગમખ્વાર અકસ્માત, કારની ટક્કરે બાઈક સવાર ૨ યુવકોના મોત

। (એજન્સી) આણંદ, તા.૩૧ ।

ગુજરાતમાં દરરોજ અકસ્માતની ઘટનાઓ સામે આવતી રહે છે. આણંદના તારાપુરમાં અકસ્માતમાં બેના મોત નિપજ્યા હોવાનું સામે આવ્યું છે. તારાપુર-વટામણ હાઈવે પર ગમખ્વાર અક્સ્માત સર્જાયો હતો. કારની ટક્કરે બાઈક સવાર ૨ યુવકોના મોત થયા હતા. કારની ટક્કરે બાઈક સવાર બે યુવકોના મોતઃતારાપુર વટામણ હાઈવે પર ગંભીર અકસ્માતની ઘટના બની છે. આ અકસ્માતમાં ૨ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા છે. કારની ટક્કરે બાઈક પર સવાર બે યુવકોના મોત થયા છે. ફતેપુરા ચોકડી પરનો આ બનાવ બન્યો છે. બન્ને મૃતક ભોળાદ ગામના વતની છે.

### વેગણી ગામમાં પીવાના પાણીને લઈને રોષ જોવાયો

। (એજન્સી) ભરુચ, તા.૩૧ ।

ગુજરાતમાં ઘણા વિસ્તારો છે. જ્યાં આજે પણ લોકો પાણી માટે વલખા મારતા હોય છે. તેમને પીવા માટે પાણી પણ મળતું નથી. જેના લીધે સ્થાનિકો પીવાના પાણીની માંગણી કરતા હોય છે. ભરઉનાળે પીવાના પાણીની તાતી જરુરીયાત રહેતી હોય છે. તો પીવા માટે પણ પાણી ન મળતા લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. તો ભરુચના વાગરા તાલુકાના વેગણી ગામે લોકો પીવાના પાણી માટે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેમજ પાણીની માંગણી સાથે લોકોએ ભેગા મળીને વિરોધ નોંધાવ્યો હતો.

### અમદાવાદમાં દયા ડાકણને ખાઈ ગઈ હોય તેવો કિસ્સો સામે આવ્યો

# પાલડીમા ઘરઘાટી ૧૯.૫૫ લાખના દાગીના-રોકડ ચોરીને ફરાર

## પતિથી પીડિત મહિલા પર દયા રાખીને નોકરી આપી હતી આ મહિલા ઘરમાં હાથ સાફ કરી ગઈ હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદમાં દયા ડાકણને ખાઈ ગઈ હોય તેવો કિસ્સો સામે આવ્યો છે. પતિથી પીડિત મહિલા પર દયા રાખીને નોકરી આપી હતી. આ મહિલા ઘરમાં હાથ સાફ કરી ગઈ હતી. પાલડીમાં વૈજ્ઞાનિકના ઘરમાંથી ઘરઘાટી મહિલાએ રૂ ૧૯.૫૫ લાખની સોનના દાગીના અને રોકડ ચોરી કરી હતી. એલિસબ્રિજ પોલીસે મહિલા ઘરઘાટીની ધરપકડ કરીને તપાસ શરૂ કરી છે.

પોલીસ કસ્ટડીમાં જોવા મળતી આ મહિલા ભૂમિકા સોલંકી છે. ઘરઘાટી બનીને આ મહિલાએ લાખો રૂપિયાના દાગીના અને રોકડની ચોરી કરી હતી. ઘટનાની વાત કરીએ તો પાલડી વિસ્તારના વૈજ્ઞાનિકના નિવાસસ્થાને પરિવાર રજાના દિવસોમાં દ્વારકાના પ્રવાસે ગયેલો હતો ત્યારે ઘરેથી ૧૯.૫૫ લાખ રૂપિયાનું ચોરી થયાની ઘટના સામે આવી હતી. જે મામલે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરીયાદ નોંધાઈ હતી. પોલીસે ચોરી કેસમાં શકાસ્પદ ઘરઘાટી ભૂમિકા સોલંકીની પૂછપરછ શરૂ કરી હતી તેની તપાસમાં ચોરીનો ભેદ ઉકેલાયો છે.

પોલીસે ચોરીના સોનાના મુદ્દામાલ અને રોકડ રૂપિયા ૫૦ હજાર કબ્જે કર્યા છે. મોજશોખ કરવા ઘરઘાટી મહિલાએ ઘરમાંથી ચોરી કરીને વિશ્વાસઘાત કર્યો છે. ગાંધીનગર સ્થિત ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરમાં વૈજ્ઞાનિક તરીકે ફરજ બજાવતા ધરા પટેલે તેમના પતિ હરીન પટેલ તથા બાળકો સાથે ૨૨ મેના રોજ દ્વારકા ગયા હતા અને ૨૫ મેના રોજ રાત્રે ૯ વાગ્યે ઘરે પાછા આવ્યા હતા. ત્યારે ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે વૈજ્ઞાનિક મહિલાને ધર્મ કરતા ધાડ પડી છે. કારણ કે દોઢ વર્ષ પહેલાં મહિલા આરોપી ભૂમિકા સોલંકીનો પતિ દારૂના નશામાં તેની સાથે મારઝૂડ કરતો હતો. તેના શરીર પર ઈજાના નિશાન જોઈને મહિલાએ તેને દવા માટે પૈસા આપ્યા અને પોતાના ઘરમાં ઘરઘાટી તરીકેની નોકરી આપી હતી. પરંતુ મહિલા આરોપી ચોરી કરવાની ટેવ ધરાવે છે. જે ઘરમાંથી નાની મોટી વસ્તુઓ ચોરી કરી લેતી હતી. એક વખત ઘરમાંથી નાનું પર્સ ચોરીને લઈ ગઈ હતી પરંતુ પરિવારે ઠપકો આપ્યો હતો. મહિલા આરોપીની આર્થિક સ્થિતિ અને લાચારીને જોઈને પરિવારે તેને ફરી તક આપી હતી પરંતુ આ આરોપીએ તેમના વિશ્વાસ તોડીને સોનાના દાગીના અને રોકડ સહિત ૧૯.૫૫ લાખની ચોરી કરી હતી. જેમાંથી રૂપિયા ૫૦ હજાર એક્ટિવાની ડેકીમાં છુપાયા હતા. જેથી પોલીસે એક્ટિવા અને રોકડ પણ જપ્ત કરી છે.

એલિસબ્રિજ પોલીસે ચોરી કેસમાં મહિલા આરોપીની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ૪ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. આ મહિલાના નિવાસસ્થાને તપાસ કરતા ચોરીનો મુદ્દામાલ ઘરમાંથી મળી આવ્યો હતો જ્યારે અન્ય મુદ્દામાલ હજુ નહિ મળતા પોલીસે પૂછપરછ શરૂ કરી છે.

# જામનગરમાં વ્યાજના વિષચક્રમાં વધુ એક મેમણ વેપારી ફસાયા

। (એજન્સી) જામનગર, તા.૩૧ ।

જામનગર શહેરમાં વ્યાજના વિષચક્રમાં વધુ એક મેમણ વેપારી ફસાયા છે, અને વ્યાજખોરના ત્રાસના કારણે જંતુનાશક પ્રવાહી પી લેવાનો વારો આવ્યો છે, અને હાલ સારવાર હેઠળ છે. માસીક ૨૦ ટકાના વ્યાજે બે લાખ રૂપિયા લીધા બાદ ૧,૦૦,૦૦૦ રૂપિયા જેટલું માતબર વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં પઠાણી ઉઘરાણી કરાતાં મેમણ વેપારીએ ઓલ આઉટ પ્રવાહી પી લીધું હોવાથી સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા છે, અને વ્યાજખોર સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં મોરકંડા રોડ પર રબાની પાર્ક શેરી નંબર પાંચમાં રહેતા અને જામનગરમાં લેડીસ પર્સનો વેપાર કરતા જેનુલભાઈ ઓસમાણભાઈ રાજકોટિયા નામના મેમણ વેપારીએ ગઈકાલે રાતે હવાઈચોક વિસ્તારમાં ઓલ આઉટ નામનું ઝેરી પ્રવાહી પી લેતાં અર્ધ બેભાન થઈ જવાથી તેને ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ત્યાં ફરજ પરના તબીબે તેઓની પ્રાથમિક સારવાર કરી લેતાં તેની તબિયતમાં હાલ સુધારો થયો છે, અને હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ બનાવ અંગેની પોલીસને જાણ થતાં સીટી એ. ડિવિઝનના એએસઆઈ એચ.આર. બાબરીયા હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને તેનું નિવેદન નોંધ્યું હતું. જેમાં પોતે વ્યાજખોરની ચુંગાલમાં ફસાયા હોવાની જાણ કરી હતી. જામનગરના ગરીબ નવાજ પાર્ક વિસ્તારમાં રહેતા સમીર અન્સારી પાસેથી પોતાના ધંધાની જરૂરિયાત માટે આજથી આઠ મહિના પહેલા બે લાખ રૂપિયા વ્યાજે લીધા હતા, અને તેનું માસિક ૨૦ ટકા લેખે વ્યાજ ચૂકવવાનું શરૂ કર્યું હતું. જેના પાંચ મહિનાના ૨૦,૦૦૦ રૂપિયા લેખે ૧, લાખ વ્યાજની ચુકવણી કરી દીધી હતી. પરંતુ હાલ ધંધો સારો ચાલતો ન હોવાથી છેલ્લા બે મહિનાથી વ્યાજ ચૂકવવાનું બંધ કર્યું હતું, જેથી આરોપી સમીર અન્સારી ઉસ્કેરાયો હતો અને ગઈકાલે ધાકધમકી આપી હતી, અને પઠાણી ઉઘરાણી કરી મુદ્દલ અને વધુ વ્યાજ નહીં આપે તો પતાવી નાખશે તેવી ધમકી આપતાં ડરના માર્યા અને આર્થિક પરિસ્થિતિ બરાબર ન હોવાથી ગઈકાલે ઓલ આઉટ પ્રવાહી પી લીધું હતું. પોલીસે તેની ફરિયાદના આધારે આરોપી સમીર અન્સારી સામે મની લેન્ડર્સ એકટની કલમ હેઠળ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

### જૂનાગઢમાં યુવક પર સિંહણે જીવલેણ હુમલો કર્યો

। (એજન્સી) જૂનાગઢ, તા.૩૧ ।

ગીર વિસ્તારમાં મોટી સંખ્યામાં સિંહોનો વસવાટ છે. જ્યાં ક્યારેક સિંહો જંગલ વિસ્તાર છોડીને માનવ વસ્તીમાં આવી ચડતા હોય છે. જેમાં સિંહ દ્વારા માણસો અને ઢોર ઢાંખર પર હુમલો કર્યો હોવાની ઘટનાઓ બનતી હોય છે.જે ઘણીવાર માણસો પર સિંહ દ્વારા હુમલો કરી દેતા મોત થયાની ઘટનાઓ પણ બની છે. તો જૂનાગઢમાંથી સિંહના હુમલાની ઘટના સામે આવી છે. જ્યાં એક સિંહણે એક યુવક પર હુમલો કરી દીધો હતો. પ્રાપ્ત માહિતી મુજબ જૂનાગઢમાં એક સિંહણે એક યુવક પર હુમલો કરી દીધો હતો. જે જૂનાગઢના પાદરીયા ગામમાં વહેલી સવારે ઘટના સામે આવી હતી. પાદરીયા ગામમાં વહેલી સવારે ૩ સિંહ જંગલ છોડીને ગામમાં આવી ચડ્યા હતા. જે દરમિયાન ગામના એક યુવાન ભોજા નારોલ લઘુશંકા કરવા માટે ગયા હતા. તે દરમિયાન સિંહણે યુવક પર જીવલેણ હુમલો કરી દીધો હતો. લઘુશંકા કરવા ગયેલા યુવક પર સિંહણે હુમલો કરતા યુવકના પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા યુવકને તાત્કાલિક ધોરણે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

### વડોદરા શહેરમાં કાન્હા સિટીના રહીશો દ્વારા પાણીની સમસ્યા મુદ્દે સૂત્રોચાર

। (એજન્સી) વડોદરા, તા.૩૧ ।

વડોદરા શહેર આજવા રોડ પર આવેલ કાન્હા સિટીના રહીશો દ્વારા પાલિકા કચેરીએ પીવાના પાણીની સમસ્યાને લઈને સૂત્રોચાર કરી રજૂઆત કરવામા આવી છે. કાન્હા સિટીમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીની સમસ્યાને લઈને અનેક વખત રજૂઆત કરી છતાં યોગ્ય નિકાલ નહી આવતા આજે કાન્હા સિટીના રહીશો દ્વારા પાલિકા કચેરીએ આવી સૂત્રોચાર કર્યા હતા. રહીશો દ્વારા અનેક વખત સત્તાધીશોને રજૂઆત કરવામાં આવી હતી અને અધિકારીઓ આવીને ફોટા પાડી જાય છે અને પાણીની સમસ્યાનું નિરાકરણ ન આવતા આજે સ્થાનિક લોકોએ પાલિકા કચેરીએ પહોંચી સૂત્રોચાર કર્યા હતા અને વેરા ભર્યા છતાં પાણીની સુવિધાઓ ન આપતા વેરો ન ભરવાની ચીમકી ઉચ્ચારી હતી અને આ કાન્હા સિટીમાં ૫૦ થી વધુ પરિવારો રહે છે. હાલ ઉનાળાની ઋતુમાં પાણીનો વધુ પ્રમાણમાં ઉપયોગ થતો હોય છે. જો વહેલી તકે પાણીની સમસ્યા દૂર નહી થાય તો સોસાયટીના રહીશો આવનાર ચૂંટણીનો વિરોધ કરશે.

## વિશેષ

### ૦૧ જુનઃ વર્લ્ડ મિલ્ક ડે

# નવસારી જિલ્લાના આદિજાતી વિસ્તાર હેઠળની ૬૭૨ આંગણવાડીના ૨૩૮૧૪ બાળકો અને ૪૧૬૨ સગર્ભા અને ધાત્રીમાતાઓ મેળવી રહ્યા છે 'દૂધ સંજીવની યોજના' નો લાભ

। (માહિતી) નવસારી ।

આજે છે વર્લ્ડ મિલ્ક ડે. દરેક મમ્મી તેના બાળકની પાછળ દુધનો ગ્લાસ લઈને ભાગતી અને બાળક દુધ ન પીવા માટે આગળ આગળ ભાગતુ દરેક ઘરમા જોયુ હશે. પરંતુ એવુ પણ દુધ છે જેના માટે બાળકો ક્યારેય ના નથી કહેતા એ છે- દુધ સંજીવની યોજના હેઠળ પોષણથી ભરપુર અને અલગ અલગ ફ્લેવર્ડ મિલ્ક. દૂધ પીવાના ઘણા ફાયદા છે, તેથી 'વિશ્વ દૂધ દિવસ'નો ઉદ્દેશ્ય તેના દુધના ફાયદા વિશે જાગૃતિ વધારવાનો છે. વાસ્તવમાં, દૂધમાં ઘણા પોષક તત્વો હોય છે જેમાં કેલ્શિયમ, પ્રોટીન અને ચરબીનો સમાવેશ થાય છે. આ બાબતને ધ્યાને લઈ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન આદિજાતિ સમુદાયના આરોગ્ય અને પોષણના સ્તરમાં સુધાર લાવવા માટે સતત પ્રયાસો કર્યા હતા. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકેના તેમના નેતૃત્વ હેઠળ આદિજાતિ વિસ્તારોની મહિલા અને બાળકોમાં પોષણની સ્થિતિ સુધારવા માટે 'દૂધ સંજીવની યોજના' શરૂ કરવામાં આવી હતી. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ લાખો આદિજાતિ મહિલાઓ અને બાળકો દૂધ સંજીવની યોજનાનો લાભ મેળવી રહ્યા છે.

નવસારી જિલ્લામાં 'દૂધ સંજીવની યોજના' હેઠળ નવસારી જિલ્લાના કુલ ૨૩૮૧૪ આદિજાતિ બાળકોને ફ્લેવર્ડ દૂધ આપીને, વધુ સશક્ત-પોષણક્ષમ બનાવવાનું કાર્ય





જિલ્લા તંત્ર દ્વારા બખુબી હાથ ધરાયું છે. આ યોજના અંતર્ગત નવસારી જિલ્લાના ૩ તાલુકાઓ પૈકી ખેરગામ તાલુકાની ૭૯ આંગણવાડીઓ, વાંસદા તાલુકાની ૨૭૭ આંગણવાડીઓ, ચીખલી તાલુકાની ૩૧૬આંગણવાડીઓ, મળી કુલ ૬૭૨ આંગણવાડીઓના વિદ્યાર્થીઓ મળી કુલ ૨૩૮૧૪ બાળકોને આવરી લઈ, અઠવાડિયાના પાંચ દિવસ, દરરોજ (ઈલાઈચી, મેંગો, ચોકલેટ, ફ્લેવર્ડ) ૧૦૦ ML દૂધ રૂ.૩૦૧૮૦૫૨ના ખર્ચે પુરું પાડવામાં આવી રહ્યું છે.

ચિખલી તાલુકાના થાલા ગામના આહિરવાસ કેન્દ્રની સગર્ભા લાભાર્થી રાગીનીબેન અંકિત વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, /હુ ૬ મહિના ગર્ભવતી છું. હુ થાલા ગામના આહિરવાસ આંગણવાડી કેન્દ્રની લાભાર્થી છું. મને આંગણવાડીમાં સંજીવની દુધ મળે છે. આ સિવાય ભોજનનો પણ લાભ મળે છે. પહેલા મારૂ વજન ઓછુ હતુ પરંતુ આંગણવાડીના બહેનોની સલાહસુચન અનુસાર નિયમિત રીતે સંજીવની દુધ અને ભોજન લેવાથી મારા વજનમાં સુધાર આવ્યો છે. સ્વાસ્થ્યમા પરિવર્તન આવ્યું છે. આના સિવાય માતૃશક્તિ પેકેટ મળે છે જેનો હુ ઘરે ઉપયોગ કરૂ છું. સંજીવની દુધના કારણે મારૂ અને મારા બાળકનું સ્વાસ્થ્ય સારૂ રહે છે. મારા અને મારા બાળકની સ્વાસ્થ્યની સંભાળ લેવા માટે હું સરકારશ્રીનો અને આંગણવાડી વર્કર બેહેનોનો ખુબ ખુબ આભાર માનું છું.'

ગુજરાત સરકાર દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત આંગણવાડી ખાતે ચાલતી યોજનાઓ અંગે માહિતી આપતા આહિરવાસ કેન્દ્રની આંગણવાડી કાર્યકર રાધાબેન આહિરે વધુ વિગત આપતા જણાવ્યું હતું કે, આંગણવાડીના દરેક બાળકને દુધ સંજીવની દુધ આપવામાં આવે છે. આ ઉપરાંત સગર્ભા અને ધાત્રી માતાઓ માટે પણ બુધવાર અને શુક્રવારે સંજીવની દુધ આપવામાં આવે છે. સાથે સાથે પોષણ સુધા યોજના અંતર્ગત સગર્ભા ધાત્રી બહેનોને બપોરનું ભોજન અને માતૃ શક્તિના પેકેટ ટેક હોમ રાશન તરીકે આપવામાં આવે છે. આ તમામ યોજનાઓના કારણે માતાઓ અને બાળકોના પોષણસ્તરમાં વધારો થઈ રહ્યો છે. બાળકોના વજનમા પણ સારો વધારો થઈ રહ્યો છે જેના કારણે બાળકોના પરિવારજનો અને આંગણવાડીના લાભાર્થીઓ ખુબ ખુશ છે અને સરકારશ્રીના આભારી છે.

ભારત વિશ્વના સૌથી મોટા દૂધ ઉત્પાદક દેશોમાંનો એક છે. નિષ્ણાતો માને છે કે દરેક વ્યક્તિએ દરરોજ તેમના આહારમાં મર્યાદિત માત્રામાં દૂધ અથવા દૂધમાંથી બનેલી ડેરી ઉત્પાદનોનો સમાવેશ કરવો જોઈએ. બાળકો અને મહિલાઓમાં પોષણ અને આરોગ્યનું સ્તર સુધારવા માટે ગુજરાત સરકાર દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત દુધ સંજીવની યોજના સહિત અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ કાર્યરત છે જેનો લાભ લઈ દરેક પરિવારે બાળકોમાં પોષણ સુનિશ્ચિત કરી અને ગરિમાપૂર્ણ જીવન જીવતી નારીને સશક્ત બનાવવા સહયોગ કરવો જોઈએ.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ગરમીમાં ખીલ વધારે થાય છે? આ ઉપાય છે અસરકારક, કોઈ સાઈડ ઈફેક્ટ નહીં થાય



ગરમીમાં ચહેરા પર ખીલ વધારે થાય છે. ખીલ થવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. આમ, તમે આ પેસ્ટ ખીલ પર લગાવશો તો સ્કિન મસ્ત ચમકી જશે. ગરમીમાં ખીલ વધારે થાય છે. ખીલ તમારી સુંદરતા બગાડવાનું કામ કરે છે. ગરમીમાં ખીલ થવા પાછળ એક નહીં, પરંતુ અનેક કારણો જવાબદાર હોય છે. ખાસ કરીને ગરમીમાં ઓઈલી સ્કિનનાં લોકોને ખીલ અને એક્ને વધારે થાય છે. આ સાથે ધૂળ, ગંદકી, પરસેવો અને શરીરનું અસંતુલન થવાને કારણે પણ ખીલ વધારે થાય છે. ચહેરા પર થતા ખીલ દૂર કરવા માટે લોકો જાતજાતની ક્રીમ અને ફેસ વોશનો ઉપયોગ કરતા હોય છે. પરંતુ ઘણીવાર આ બધી પ્રોડક્ટ્સ સ્કિનને લાંબે ગાળે નુકસાન કરે છે અને સ્કિન ખરાબ થાય છે. આમ, તમને ખીલ વધારે થાય છે તો આ સસ્તા ઘરેલુ ઉપાયો અસરકારક છે. આ ઘરેલુ ઉપાયોની મદદથી તમે ચહેરા પરનાં ખીલ દૂર કરી શકો છો. આ ઘરેલુ ઉપાયોથી ફેસ પરનાં ડાઘ પણ દૂર થઈ જશે. આ ઘરેલુ ઉપાયોથી કોઈ સાઈડ ઈફેક્ટ્સ થતી નથી. ડિસ્પ્રિનની મદદથી તમે ખીલ દૂર કરી શકો છો. ડિસ્પ્રિનમાં ખાસ તત્વ સેલિસિલિક એસિડ હોય છે. આ સ્કિન માટે અનેક રીતે ગુણકારી છે. ડિસ્પ્રિનથી ચહેરા પરનાં દાણાં, સોજો અને લાલશ પણ દૂર થાય છે. એકથી બે ડિસ્પ્રિનની ગોળીને પીસી લો. પછી આમાં થોડું પાણી મિક્સ કરીને પેસ્ટ બનાવો. આ પેસ્ટ માત્ર એ જ જગ્યા પર લગાવો જ્યાં ખીલ થયા છે. ત્યારબાદ આ પેસ્ટ સુકાઈ જાય એટલે ઠંડા પાણીથી ફેસ ધોઈ દો. આ પેસ્ટનો ઉપયોગ તમે અઠવાડિયામાં બેથી ત્રણ વાર કરી શકો છો. આ પેસ્ટ તમે રેગ્યુલર લગાવશો તો સ્કિન મસ્ત થઈ જશે. આ સાથે થોડાં દિવસમાં તમને ફરક જોવા મળશે. આ પેસ્ટ ચહેરા પર લગાવશો નહીં. આ પેસ્ટ માત્રને માત્ર દાણાં પર લગાવો. આ પેસ્ટથી સ્કિન મસ્ત થઈ જશે. ખીલ દૂર કરવા માટે તમે ફટકડી અને નારિયેળ તેલનો પણ ઉપયોગ કરી શકો છો. આ પેકથી ફેસ મસ્ત થઈ જશે. ખીલ દૂર કરવા માટે તમે લીંબુનાં રસનો ઉપયોગ પણ કરી શકો છો.

### સામાન્ય રીતે લોકો તેને કંટ્રોલ કરવા માટે દવાઓ લે છે

## કોલેસ્ટ્રોલને દૂર કરશે આ ફૂડ્સ! નસોમાં જમા ગંદકીને કરશે સાફ



### કોલેસ્ટ્રોલ દૂર કરવા દવાઓ મદદ કરી શકે છે, પરંતુ લાઈફ સ્ટાઈલમાં ફેરફાર કરીને પણ તમને ઘણો ફાયદો થઈ શકે છે

મોટાભાગના લોકો કોલેસ્ટ્રોલની સમસ્યાથી પીડાય છે. માયો ક્લિનિક મુજબ, વધેલું કોલેસ્ટ્રોલ હૃદયની બીમારીઓનું કારણ બની શકે છે. ફાઈબરથી ભરપૂર આહાર, કસરત, ફિશ ઓઈલ, લસણ, સેચ્યુરેટેડ અને ટ્રાન્સ ફેટ ઓછું કરવું, અને નિયમિત તપાસ કરાવવી જરૂરી. આજકાલ મોટાભાગના લોકો કોલેસ્ટ્રોલની સમસ્યાથી પીડાય છે. વધેલું કોલેસ્ટ્રોલ હૃદયની બીમારીઓ અને સ્ટ્રોકનું મોટું કારણ બની શકે છે. સામાન્ય રીતે લોકો તેને કંટ્રોલ કરવા માટે દવાઓ લે છે, પરંતુ જો તમારું કોલેસ્ટ્રોલ થોડું અથવા મધ્યમ સ્તર સુધી વધેલું હોય, તો કેટલાક નેચરલ ઉપાયોથી પણ તેને ઓછું કરી શકાય છે. દવાઓ મદદ કરી શકે છે, પરંતુ લાઈફસ્ટાઈલમાં ફેરફાર કરીને પણ તમને ઘણો ફાયદો થઈ શકે છે.

અહીં અમે ૬ સરળ અને નેચરલ રીતો જણાવી રહ્યા છીએ, જેનાથી તમે દવા લીધા વિના તમારા કોલેસ્ટ્રોલને ઓછું કરી શકો છો અને હૃદયની તંદુરસ્તી સુધારી શકો છો. ડાયટમાં ફાઈબરનો સમાવેશ કરવો ખૂબ જ ફાયદાકારક છે. આ શરીરમાં રહેલા ખરાબ કોલેસ્ટ્રોલ (LDL)ને પચવા નથી દેતો અને તેને બહાર કાઢવામાં મદદ કરે છે. ઓટ્સ, સફરજન, ગાજર, બીન્સ, મસૂર, એવોકાડો અને બદામ જેવી વસ્તુઓ ફાઈબરના ઉત્તમ સ્રોત છે. રોજ એક વાટકી ઓટ્સ અથવા ઈસબગોલ (Psyllium Husk)નું સેવન પણ અસરકારક હોઈ શકે છે. એક્ટિવ રહેવું માત્ર વજન કંટ્રોલ કરવા માટે જ નહીં, પરંતુ કોલેસ્ટ્રોલ કંટ્રોલ કરવા માટે પણ જરૂરી છે. નિયમિત રીતે કસરત કરવાથી શરીરમાં સારા કોલેસ્ટ્રોલ (HDL)નું સ્તર વધે છે, જે ખરાબ કોલેસ્ટ્રોલને ઓછું કરવામાં મદદ કરે છે. અઠવાડિયામાં ઓછામાં ઓછા ૧૫૦ મિનિટ વૉકિંગ, સાયક્લિંગ, સ્વિમિંગ અથવા જોગિંગ જરૂર કરો. ફિશ ઓઈલમાં ઓમેગા-૩ ફેટી એસિડ ભરપૂર માત્રામાં હોય છે, જે ટ્રાઈગ્લિસરાઈડ્સને ઘટાડવામાં અને સોજા ઓછા કરવામાં મદદ કરે છે. જોકે તે LDLને સીધું ઓછું નથી કરતું, પરંતુ હૃદયની તંદુરસ્તી માટે ફાયદાકારક છે. તમે તેને સપ્લિમેન્ટ તરીકે લઈ શકો છો અથવા ઓમેગા-૩ રિચ ફિશ (જેમ કે સૅલ્મોન અથવા મેકેરલ)ને ડાયટમાં સામેલ કરી શકો છો.લસણમાં એવા તત્વો હોય છે, જે શરીરમાં કોલેસ્ટ્રોલના અવશોષણને રોકે છે. ઘણા સંશોધનમાં આ જોવા મળ્યું છે કે લસણ થોડું ઘણું LDL ઓછું કરી શકે છે. તમે તેને ખાવામાં ઉમેરી શકો છો અથવા સપ્લિમેન્ટ તરીકે લઈ શકો છો. જોકે તેનો અસર મર્યાદિત હોય છે, પરંતુ હેલ્ધી ડાયટ સાથે તે મદદરૂપ થઈ શકે છે. વધેલું કોલેસ્ટ્રોલ, ખાસ કરીને LDL (ખરાબ કોલેસ્ટ્રોલ), નસોમાં જમા થાય છે અને હાર્ટની બીમારીઓનું જોખમ વધી જાય છે. પરંતુ માત્ર ૭ દિવસથી નકારાત્મક પરિણામની અપેક્ષા કરવી વાસ્તવમાં શક્ય નથી - ફરી પણ નિયમિતતાથી આ ફૂડ્સ અને પદ્ધતિઓ અજમાવશો તો ચોક્કસ સકારાત્મક પરિણામ મળશે. ઊચ્ચ ફાઈબરવાળી વસ્તુઓ, ફાઈબર હજમ ન થતી હોય છે, પણ તે પાચન તંત્રમાં કોલેસ્ટ્રોલને શોષાય નહીં તે રીતે શરીરમાંથી બહાર કાઢે છે. શ્રેષ્ઠ ફાઈબર સ્રોતોઃ ઓટ્સ (સવારમાં એક વાટકી), સફરજન (છાલ સાથે ખાવું), બીન્સ (રાજમો, કીડની બીન્સ, કાળા ચણા), મસૂર (દાળરૂપે) એવોકાડો. બદામ (સૂકા ફળોમાંથી સૌથી ઉત્તમ) લસણ, લસણમાં એલિસિન નામનું તત્વ હોય છે જે કોળેસ્ટ્રોલ અવશોષણને રોકે છે. વાપરવાની રીતઃ રોજ સવારે ખાલી પેટે ૧-૨ કાચા લસણના કળા ચાવવાથી ફાયદો થઈ શકે છે. લસણના સપ્લિમેન્ટ પણ ઉપલબ્ધ છે, ફિશ ઓઈલ અથવા ઓમેગા-૩, ઓમેગા-૩ ફેટી એસિડ્સ ટ્રાઈગ્લિસરાઈડ્સ ઘટાડે છે અને સોજો ઓછો કરે છે. કઈ રીતે લૈશોઃ સપ્તાહે ૨ વાર સૅલ્મોન, ટ્યૂના કે મેકેરલ જેવી માછલી ખાવા. નહિં તો ફિશ ઓઈલ કે ઓમેગા-૩ કેપ્સૂલ રૂપે લેવાય. કસરત, નિયમિત કસરત સારા કોલેસ્ટ્રોલ (HDL) વધારવામાં મદદ કરે છે. શિફારસઃ અઠવાડિયામાં ૧૫૦ મિનિટઃ વૉકિંગ, સાઈકલિંગ, સ્વિમિંગ, યોગ કે ઝુંબા. દરરોજ ઓછામાં ઓછું ૩૦ મિનિટ એક્ટિવ રહો. આમાં પણ ઓમેગા-૩ અને ફાઈબર હોય છે. વાપરવાની રીતઃ ૧ ચમચી પીસેલા અમેંદા નાસ્તામાં ઉમેરો. ચિયાના બીજ ભિજીને ખાવા. ચીની અને ફ્રાયડ વસ્તુઓ ટાળો, સેચ્યુરેટેડ અને ટ્રાન્સ ફેટ્સ કોલેસ્ટ્રોલ વધારવામાં મોટો ફાળો આપે છે. ટાળવા જેવી વસ્તુઓઃ બેકરી વસ્તુઓ (કેક, પફ્સ, બ્રેડ) જંક ફૂડ (બર્ગર, ફ્રેન્ચ ફ્રાઈઝ) પેકેજ્ડ અને પ્રસેસ્ડ ફૂડ, હરોળ પાનીઓ અને હર્બલ ચા, લીંબુ પાણી, આદુ પાણી, મેથી દાણાનું પાણી - ફાયદાકારક. ગ્રીન ટી અને તુલસી/દાળચિની ચા એન્ટી-ઓક્સિડન્ટ ગુણધર્મ ધરાવે છે.

## થાઈરોઈડનાં દર્દીઓએ ભૂલથી પણ ન ખાવા જોઈએ આ ફૂડ્સ

### થાઈરોઈડનાં દર્દીઓએ ખાંડનું સેવન ઓછામાં ઓછું કરવું જોઈએ, ખાંડનું સેવન વધારે કરવાથી હેલ્થને વધારે નુકસાન થાય છે

અનહેલ્ધી લાઈફ સ્ટાઈલને કારણે અનેક લોકો થાઈરોઈડની ઝપેટમાં આવતા હોય છે. થાઈરોઈડ થાય ત્યારે શરીરમાં જરૂરિયાત કરતા વધારે તેમજ જરૂરિયાત કરતા ઓછાં હોર્મોન બને છે. થાઈરોઈડની બીમારી અનેક પ્રકારની હોય છે, જેમ કે હાઈપોથાઈરોડિઝમ, થાઈરોઈડિટિસ અને હાશિમોટો થાઈરોઈડિટીસ. પુરુષ કરતા મહિલાઓમાં થાઈરોઈડ વધારે જોવા મળે છે. ઘણી મહિલાઓને પ્રેગનન્સી પછી થાઈરોઈડ આવતો હોય છે. થાઈરોઈડનાં દર્દીઓએ લાઈફસ્ટાઈલમાં બદલાવ કરવો ખૂબ જરૂરી છે. આમ, તમને થાઈરોઈડ છે તો તમારે આ વસ્તુઓ ખાવાનું ટાળવું જોઈએ. કોબિજનાં શાકમાં ગોઈટ્રોજન હોય છે જે થાઈરોઈડની સમસ્યાને ટ્રિગર કરી શકે છે. થાઈરોઈડનાં દર્દીઓએ કોબિજનું શાક ખાવાનું ટાળવું જોઈએ. આ સાથે થાઈરોઈડનાં દર્દીઓએ બ્રોકલી, પાલક, કોબીજ તેમજ આ પ્રકારનાં શાક ખાવાનું ટાળવું જોઈએ. અનેક રિપોર્ટ્સ અનુસાર સોયા પ્રોડક્ટ્સનું સેવન કરવાથી બચવું જોઈએ. કારણકે સોયા પ્રોડક્ટ્સ થાઈરોઈડની દવા ઠીકથી અવશોષિત કરવામાં સમસ્યા થઈ શકે છે. સોયા પ્રોડક્ટ્સ જેમ કે સોયા ચંક્સ, ટોફૂ, સોયા મિલ્ક વગેરેનું સેવન કરવાથી બચવું જોઈએ. તમે એકવાર તમારા ડોક્ટર પાસેથી ડાયટ પ્લાન વિશેની સલાહ લો. ડોક્ટરની સલાહ સિવાય તમે કોઈ વસ્તુનું સેવન કરશો નહીં. હાઈપોથાઈરોડિઝમ થાઈરોઈડનાં દર્દીઓએ



વધારે કેફીન જેમ કે ચા-કોફીનું સેવન વધારે કરવું જોઈએ નહીં. કેફીનનું સેવન કરવાથી દવાનાં અવશોષણમાં સમસ્યા આવી શકે છે.

હાઈપોથાઈરોડિઝમ થાઈરોઈડમાં શરીરમાં જરૂરિયાત કરતા ઓછાં હોર્મોન્સ બને છે. આ કન્ડિશનને અંડરએક્ટિવ થાઈરોઈડ કહે છે. આમ, તમને થાઈરોઈડ છે અને તમે વધારે માત્રામાં કેફીનનું સેવનનું કરો છો તો આ સમયે હેલ્થને વધારે નુકસાન થઈ શકે છે. આ માટે કેફીનનું સેવન કરશો નહીં.

થાઈરોઈડનાં દર્દીઓએ ખાંડનું સેવન ઓછામાં ઓછું કરવું જોઈએ. ખાંડનું સેવન વધારે કરવાથી હેલ્થને વધારે નુકસાન થાય છે. આ સાથે તમે ખાંડમાંથી બનેલાં આઈસ્ક્રીમ, મીઠાઈ, સોડા તેમજ કુકીઝ જેવી વાનગીઓનું સેવન વધારે કરશો નહીં. આ વસ્તુઓનું સેવન કરવાથી આ સમસ્યા વધી શકે છે.

આમ, તમને થાઈરોઈડ છે તો તમે આ વસ્તુઓનું સેવન કરશો નહીં. આ વસ્તુઓનું સેવન કરવાથી થાઈરોઈડની સમસ્યા વધી શકે છે. આ માટે તમે એકવાર એક્સપર્ટની સલાહ લો. એક્સપર્ટની સલાહ અનુસાર તમે ચાલો છો તો કોઈ તકલીફ થતી નથી.

## નાની ઉંમરમાં વાળ સફેદ થઈ રહ્યાં છે? ફળનું પાણી લગાવો

### શું તમારા વાળ પણ સફેદ થવા લાગ્યા છે, તમે તેને કાળા કરવા માટે કેમિકલ બેઝ્ડ પ્રોડક્ટ્સનો ઉપયોગ નથી કરવા માગતા?

સફેદ વાળ લોકોના કોન્ફિડન્સને હચમચાવી નાખે છે. મોટાભાગના લોકો સફેદ વાળને કાળા કરવા માટે કેમિકલ બેઝ્ડ મોંઘી-મોંઘી પ્રોડક્ટ્સ પર પૈસા ખર્ચ કરે છે. પરંતુ તમે દાદી-નાનીના જમાનાથી ઉપયોગમાં લેવાતી નેચરલ વસ્તુઓની મદદથી પણ સફેદ વાળથી છુટકારો મેળવી શકો છો. તમે તેમાંથી કોઈપણ એક રીત અજમાવો અને થોડા જ અઠવાડિયાની અંદર આપોઆપ પોઝિટિવ અસર જુઓ. તમારા હેર કેર રુટિનમાં આમળાના તેલને સામેલ કરો. સફેદ વાળને કાળા કરવા માટે આમળાનું તેલ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે.



આ સિવાય જો તમે ઈચ્છો તો આમળા અને અરીઠાના શેમ્પૂનો પણ ઉપયોગ કરી શકો છો. બંને નેચરલ વસ્તુઓનું મિક્સચર તમારા વાળ માટે વરદાન સાબિત થઈ શકે છે. સફેદ વાળને કાળા કરવા માટે તમે રોગન આલમન્ડ ઓઈલનો ઉપયોગ પણ કરી શકો છો. એક વાટકીમાં દહીં અને રોગન આલમન્ડ ઓઈલ નાખો. હવે આ જ વાટકીમાં એલોવેરા જેલ અને મધ પણ એડ કરી લો. આ બધી વસ્તુઓને સારી રીતે મિક્સ કરીને એક પેસ્ટ બનાવી લો. આ પેસ્ટને તમારા સ્કેલ્પ પર એપ્લાય કરો અને થોડીવાર પછી હેર વોશ કરી લો. આ નેચરલ હેર પેક તમારા વાળની હેલ્થ માટે પણ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. વાળને કાળા કરવા માટે તમે તમારા ડાયટ પ્લાનમાં પોષક તત્ત્વોથી ભરપૂર કેટલીક વસ્તુઓ સામેલ કરી શકો છે. જેનાથી તમારા વાળને પોષણ મળી શકે. તમે ઘીને ડેઈલી ડાયટ પ્લાનનો હિસ્સો બનાવી શકો છો. જો તમે ઈચ્છો તો આમળાને પણ રેગ્યુલરલી કંઝ્યુમ કરી શકો છો. આમળામાં રહેલા તત્ત્વો તમારી હેર હેલ્થને ઘણી હદ સુધી ઈમ્પ્રુવ કરી શકે છે. આમળાના પાઉડરમાં વિટામિન ઈ ની બે ગોળીઓ મિક્સ કરો અને પછી તેમાં થોડું એલોવેરા જેલ ઉમેરો. તેને સારી રીતે મિક્સ કરીને તમારા વાળમાં લગાવો અને મસાજ કરો. આ હેર પેક વાળમાં કોલેજન વધારશે.

## એક એક વાળ મૂળમાંથી કાળો થઇ જશે! નાળિયેર તેલમાં આ નાખીને લગાવો

### માથામાં વાળ વચ્ચે આંગળીઓ ફેરવીએ તો દસ-બાર વાળ સફેદ દેખાય જ જાય છે, શું તમને પણ આ સમસ્યા છે?



આજકાલ ઘણા લોકો સફેદ વાળની સમસ્યાથી પરેશાન છે. તેમાં યુવાન લોકો પણ સામેલ છે. ટીનએજર્સ હોય કે કોલેજ જતાં યુવક-યુવતીઓ, આ લોકો પણ ગ્રે હેરની સમસ્યાથી પીડાઈ રહ્યા છે. માથામાં વાળ વચ્ચે આંગળીઓ ફેરવીએ તો દસ-બાર વાળ સફેદ દેખાય જ જાય છે. શું તમને પણ આ સમસ્યા છે? જો હા, તો હવે તમે ઘરેલુ ઉપાય અજમાવવાનું શરૂ કરો. માર્કેટમાં અનેક પ્રકારના હેર કેર પ્રોડક્ટ્સ મળે છે, પરંતુ તેનો વધુ ઉપયોગ વાળને સફેદ બનાવે છે અને મૂળમાથી નબળા બનાવે છે. અમે તમને અહીં એક ખૂબ જ સસ્તો ઘરેલુ ઉપાય બતાવી રહ્યા છીએ. તમને ફક્ત નાળિયેરનું તેલ અને ડુંગળીનો રસ જોઈએ. નાળિયેરનો ઉપયોગ વર્ષોથી વાળમાં કરવામાં આવી રહ્યો છે. તે બેસ્ટ હેર ઓઈલની યાદીમાં સામેલ છે. તેના ઉપયોગથી ન માત્ર વાળ મજબૂત થાય છે, પરંતુ કાળા, જાડા અને મૂળમાથી પણ મજબૂત થાય છે. બીજી બાજુ, ડુંગળીનો રસ પણ વાળને પૂરતું પોષણ આપે છે. વાળમાં ડેન્ડ્રફની સમસ્યાને ઘટાડે છે. તલ પડતી હોય તો માથામાં વાળ ઉગવા લાગે છે. ડુંગળીના રસમાં સલ્ફર હોય છે જે વાળને મજબૂત બનાવે છે અને કાળા પણ કરે છે. આથી હેર ગ્રોથ પણ થાય છે. આ સાથે જ ડુંગળીમાં એન્ટીઓક્સિડન્ટ્સ, એન્ટી બેક્ટેરિયલ તત્વો પણ હોય છે, જેનાથી હેર સ્કેલ્પમાં ખંજવાળની સમસ્યા દૂર થાય છે. તો ચાલો જાણીએ કે વાળમાં નાળિયેર તેલ અને ડુંગળીના રસને કેવી રીતે લગાવવું. ડુંગળીના રસને નાળિયેર તેલમાં મિક્સ કરીને લગાવવાના ફાયદા આ માટે તમે ૨ મોટા ચમચી તેલ લો. તેમાં બે ચમચી ડુંગળીનો રસ કાઢી મિક્સ કરો. તમારે નાળિયેર તેલને થોડું ગરમ કરવાનું છે. આ પછી તેમાં ડુંગળીનો રસ મિક્સ કરો. હવે તમે તમારી આંગળીઓ અથવા કોટનની મદદથી સ્કેલ્પ અને વાળમાં સારી રીતે આ તેલ લગાવો. તેને મસાજ કરતા લગાવો. એક કલાક માટે આમ જ છોડી દો. હવે તમે તમારા વાળને કોઈ હર્બલ અથવા માઈલ્ડ શેમ્પૂથી ધોઈ લો. આ ઓઈલ તમે ઈચ્છો તો અઠવાડિયામાં ૨ વાર લગાવી શકો છો. જેમના વાળ સફેદ થવા લાગ્યા છે, તેમના માટે આ ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે. આથી વાળ તો ઉગશે જ, સફેદ વાળની સમસ્યા પણ દૂર થશે. તમારા વાળને પૂરતું પોષણ મળશે, જેનાથી તે મૂળમાથી મજબૂત થશે. હેર ફોલ પણ ઓછો થશે અને વાળની ગ્રોથ પણ ઝડપી થશે.

## આ ફૂલ ઉગાડવાથી ઘરને સુગંધથી ભરી દેશે, શ્વસન-ગળાના રોગને મટાડશે

મધુકામિની, જેને 'ઓરેન્જ જાસ્મીન' પણ કહે છે, ગરમીમાં ખીલનારો સફેદ ફૂલ છે જે સંતરાની સુગંધ આપે છે. આ છોડ ઓછા જતનમાં ૪-૫ વર્ષ સુધી ફૂલ આપે છે. આને ઘરમાં લગાવવાથી મન-મિજાજ તાજું રહે છે. કહે છે કે,સ્વર્ગમાંથી ધરતી પર માત્ર ત્રણ ફૂલ આવ્યા. જેને આપણે અપરાજિતા, પારિજાત અને મધુકામિની તરીકે ઓળખીએ છીએ.. આમાંથી મધુકામિની એવું ફૂલ છે, જે માત્ર સુગંધ જ નથી ફેલાવતું, પણ તમારા જીવનને પણ મહેકાવતું છે. ગરમીના મોસમમાં ખીલનારો આ ફૂલ નજાકત, સુગંધ અને ફાયદા ત્રણેયમાં શ્રેષ્ઠ છે. સફેદ ફૂલ, નારંગી જેવી સુગંધ! મધુકામિનીનું સાચું નામ મુરાયા પેનિક્યુલેટમ છે, તેને 'ઓરેન્જ જાસ્મીન' તરીકે પણ ઓળખવામાં આવે છે. આના ફૂલ ભલે સફેદ હોય, પણ તેમાંથી સંતરા એટલે કે નારંગી જેવી સુગંધ આવતી હોય છે, જે આખા વાતાવરણને તાજગીથી ભરપૂર કરી દે છે. તેની ખાસ વાત એ છે કે, આ ફૂલ દિવસે જ નહીં પણ રાતના સમયે પણ થાક્યા કે અટક્યા વિના તેની મહેક ફેલાવતું રહે છે, એક વાર ઉગાડો, વર્ષો સુધી મહેકશેઃ જો તમે એવા છોડની શોધમાં છો જેને વારંવાર સંભાળવાની જરૂર ન પડે, તો મધુકામિની તમારા માટે પરફેક્ટ છે. એક વાર તેને ઘરની બાલ્કની કે કુંડામાં લગાવી દો, તો ૪-૫ વર્ષ સુધી સતત ફૂલ આપે છે. ન પાણીની વધારે જરૂર, ન ખાસ માટીની, ઓછા જતનમાં પણ આ છોડ દરેક મોસમમાં ખીલેલો રહે છે. વાસ્તુથી આયુર્વેદ સુધી, દરેક જગ્યાએ અસરકારકઃ માનવામાં આવે છે કે મધુકામિની ઘરમાં સકારાત્મક ઉર્જા લાવે છે. તેના ફૂલને જો બેડરૂમમાં રાખવામાં આવે તો દાંપત્ય જીવનમાં મીઠાશ રહે છે. વાસ્તુથી આયુર્વેદ સુધી, દરેક જગ્યાએ અસરકારકઃ માનવામાં આવે છે કે મધુકામિની ઘરમાં સકારાત્મક ઉર્જા લાવે છે. તેના ફૂલને જો બેડરૂમમાં રાખવામાં આવે તો દાંપત્ય જીવનમાં મીઠાશ રહે છે. અને હા, જો શ્વાસ કે ગળાની કોઈ તકલીફ હોય તો તેની બે પાંદડીઓ ઉકાળી પી લો, આરામ મળશે. અને હા, જો શ્વાસ કે ગળાની કોઈ તકલીફ હોય તો તેની બે પાંદડીઓ ઉકાળી પી લો, આરામ મળશે. સુંદરતા જ નહીં, સંસ્કૃતિ પણ સમેટે છેઃ આ ફૂલની ખાસિયત માત્ર તેની સુગંધ કે ફાયદા સુધી મર્યાદિત નથી. તેને ભારતના અલગ-અલગ ભાગોમાં અલગ નામોથી ઓળખવામાં આવે છે. તમિલમાં વેંગરાય, તેલુગુમાં નાગાગોલુંગ, મરાઠીમાં કુંતી અને મણિપુરીમાં કામિની કુસુમ. લગ્ન મંડપોની સજાવટથી લઈને ધાર્મિક અનુષ્ઠાનો સુધી, મધુકામિની દરેક જગ્યાએ પોતાની હાજરી નોંધાવે છે. તો આગળથી જ્યારે ફૂલોની વાત આવે, તો માત્ર ગુલાબ કે મોગરામાં અટકશો નહીં - મધુકામિનીને પણ યાદ રાખજો. શક્ય છે કે આ ફૂલ તમારા જીવનની મહેક બદલી નાખે! અહીં આપવામાં આવેલી માહિતી સામાન્ય જાણકારી આધારિત છે. કોઈ પણ ઉપાય અજમાવતા પહેલાં એક્સપર્ટની સલાહ લેવી આવશ્યક છે.

### વાસ્તુથી આયુર્વેદ સુધી, દરેક જગ્યાએ અસરકારકઃ



આ છોડ ઓછા જતનમાં ૪-૫ વર્ષ સુધી ફૂલ આપે છે, આને ઘરમાં લગાવવાથી મન-મિજાજ તાજું રહે છે

## તંત્રી લેખ...

# વૈશ્વિક તાપમાન ૨ ડિગ્રી વધી જશે તો પાકિસ્તાન તરસ્યું મરી જશે


એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે, જો વૈશ્વિક તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસનો વધારો થાય છે, તો સદીના અંત સુધીમાં હિન્દુ કુશ હિમાલયના ગ્લેશિયરનો બરફ ૭૫ ટકા ઘટી શકે છે. હિન્દુ કુશ પર્વતોના આ ગ્લેશિયર ઘણી નદીઓનું મૂળ છે, જે આ ગ્લેશિયરમાંથી પાણી મેળવે છે અને આ નદીઓ બે અબજ લોકો માટે આજીવિકાનું સાધન બની જાય છે. જો આવું થશે, તો કાબુલ, હેલમંડ જેવી નદીઓ સુકાઈ જશે. આ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન માટે મોટો ઝટકો હશે. ભારત સાથે સિંધુ જળ સંધિ હેઠળ પાકિસ્તાનને પહેલાથી જ ઘણી નદીઓમાંથી પાણી મળે છે. આવી સ્થિતિમાં, જો હિન્દુ કુશ પર્વતોના ગ્લેશિયર ઓગળી જાય છે, તો કાબુલ નદીના પ્રવાહને અસર થશે. આના કારણે પાકિસ્તાનને સીધું નુકસાન થશે. કાબુલ નદી હિન્દુ કુશની સંગલાખ પર્વતમાળામાંથી નીકળે છે અને પછી પાકિસ્તાનમાં અટક ખાતે સિંધુ નદીમાં જોડાય છે. તે સિંધુની સૌથી મોટી નદી છે. 'સાયન્સ' નામના વિજ્ઞાન જર્નલમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે જો દેશો પૂર્વ-ઔદ્યોગિક સ્તરથી તાપમાનમાં વધારો ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરી શકે છે, તો હિમાલય અને કાકેશસ પર્વતોમાં ૪૦-૪૫ ટકા ગ્લેશિયર બરફ સાચવી શકાશે. તેનાથી વિપરીત, જો આ સદીના અંત સુધીમાં વિશ્વ ૨.૭ ડિગ્રી સેલ્સિયસ ગરમ થાય છે, તો ગ્લેશિયર બરફનો માત્ર એક ચતુર્થાંશ ભાગ વૈશ્વિક સ્તરે ટકી શકશે. અભ્યાસ અનુસાર, માનવ સમુદાયો માટે સૌથી મહત્ત્વપૂર્ણ ગ્લેશિયર પ્રદેશો, જેમ કે યુરોપિયન આલ્પ્સ, પશ્ચિમ અમેરિકા અને કેનેડાની પર્વતમાળાઓ અને આઈસલેન્ડ, ખાસ કરીને ખરાબ રીતે પ્રભાવિત થશે. ૨ ડિગ્રી સેલ્સિયસ પર આ પ્રદેશો લગભગ બધો બરફ ગુમાવી શકે છે અને ૨૦૨૦ના સ્તરે ફક્ત ૧૦-૧૫ ટકા બરફ રહેશે. સ્કેન્ડિનેવિયન પર્વતોનું ભવિષ્ય વધુ ભયાનક હોઈ શકે છે, કારણ કે આ સ્તરના તાપમાને ગ્લેશિયર પર કોઈ બરફ બાકી રહેશે નહીં. અભ્યાસમાં ભાર મૂકવામાં આવ્યો છે કે, ૨૦૧૫ના પેરિસ કરાર દ્વારા નિર્ધારિત ૧.૫ ડિગ્રી સેલ્સિયસ લક્ષ્ય સુધી તાપમાન મર્યાદિત રાખવાથી તમામ પ્રદેશોમાં કેટલાક ગ્લેશિયર બરફને બચાવવામાં મદદ મળશે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્ય પ્રદેશના ભોપાલમાં ભોપાલમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો

લોકમાતા દેવી અહિલ્યાબાઈ હોલકરની ૩૦૦મી જન્મજયંતી નિમિત્તે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં લોકમાતા દેવી અહિલ્યાબાઈ મહિલા સશક્તીકરણ મહા સંમેલનને સંબોધિત કર્યું હતું. તેમણે ભોપાલમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો. આ કાર્યક્રમમાં બોલતા, તેમણે 'મા ભારતી'ને શ્રદ્ધાંજલિ આપી અને ભારતની મહિલાઓની શક્તિનો સ્વીકાર કર્યો. તેમણે આ કાર્યક્રમમાં આશીર્વાદ આપવા આવેલી બહેનો અને પુત્રીઓની મોટી ભીડનો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે તેમની હાજરીથી તેઓ સન્માનિત અનુભવે છે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે આજે લોકમાતા દેવી અહિલ્યાબાઈ હોલકરની ૩૦૦મી જન્મજયંતી, ૧૪૦ કરોડ ભારતીયો માટે પ્રેરણાનો પ્રસંગ છે અને રાષ્ટ્ર નિર્માણના ઉમદા પ્રયાસમાં યોગદાન આપવાની ક્ષણ છે. દેવી અહિલ્યાબાઈને ટાંકીને, તેમણે પુનરોચ્ચાર કર્યો કે સાચું શાસન એટલે લોકોની સેવા કરવી અને તેમના જીવનમાં સુધારો કરવો. તેમણે કહ્યું કે આજનો કાર્યક્રમ તેમના દ્રષ્ટિકોણનું પ્રતીક છે અને તેમના આદર્શોને આગળ ધપાવે છે. પ્રધાનમંત્રીએ ઈન્દોર મેટ્રોના શુભારંભ તેમજ દતિયા અને સતના સુધી હવાઈ જોડાણના વિસ્તરણનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ભાર મૂક્યો કે આ પ્રોજેક્ટ્સ મધ્યપ્રદેશમાં માળખાગત સુવિધામાં વધારો કરશે, વિકાસને વેગ આપશે અને રોજગારની નવી તકોનું સર્જન કરશે. તેમણે ઉપસ્થિત દરેકને અભિનંદન આપ્યા હતા. લોકમાતા દેવી અહિલ્યાબાઈ હોલકરનું નામ સાંભળીને તેમના પ્રત્યે ઊંડી શ્રદ્ધાંજલિ વ્યક્ત કરતા શ્રી મોદીએ કહ્યું કે તેમના અસાધારણ વ્યક્તિત્વનું વર્ણન કરવા માટે શબ્દો ઓછા પડશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે દેવી અહિલ્યાબાઈએ મજબૂત ઈચ્છાશક્તિ અને નિશ્ચય શક્તિનું પ્રતિક આપ્યું, જે દર્શાવે છે કે ગમે તેટલા પ્રતિકૂળ સંજોગો હોય, પરિવર્તનશીલ પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. ઈતિહાસ પર ચિંતન કરતા શ્રી મોદીએ ભાર મૂક્યો કે અઢીથી ત્રણ સદીઓ પહેલા જ્યારે દેશ જુલમના બેડીઓ હેઠળ ફસાઈ રહ્યો હતો, ત્યારે આવા અસાધારણ પરાક્રમો - એટલા મોટા કે પેઢીઓ હજુ પણ તેમની ચર્ચા કરે છે - પ્રાપ્ત કરવા એ સરળ કાર્ય નહોતું. પ્રધાનમંત્રીએ એ વાત પર ભાર મૂક્યો કે લોકમાતા અહિલ્યાબાઈ હોલકરે ક્યારેય ભગવાનની સેવા અને લોકોની સેવા વચ્ચે ભેદ પાડ્યો નથી. તેમણે કહ્યું કે તેઓ હંમેશા પોતાની સાથે શિવલિંગ રાખતા હતા, જે તેમની ઊંડી ભક્તિ દર્શાવે છે. તેમના સમયના પડકારો પર ચિંતન કરતા, તેમણે ભાર મૂક્યો કે આવા યુગમાં રાજ્યનું નેતૃત્વ કરવું કાંટાનો મુગટ પહેરવા જેવું હતું. છતાં લોકમાતા અહિલ્યાબાઈએ તેમના રાજ્યની સમૃદ્ધિ માટે એક નવી દિશા પ્રદાન કરી, ગરીબમાં ગરીબ વ્યક્તિને સશક્ત બનાવવા માટે પોતાને સમર્પિત કરી હતી. શ્રી મોદીએ કહ્યું, "લોકમાતા અહિલ્યાબાઈ ભારતના વારસાના મહાન રક્ષક હતા. જ્યારે દેશની સંસ્કૃતિ, મંદિરો અને તીર્થસ્થાનો પર હુમલા થઈ રહ્યા હતા. ત્યારે તેમણે તેમનું રક્ષણ કરવાની જવાબદારી લીધી." તેમણે કાશી વિશ્વનાથ સહિત દેશભરમાં અનેક મંદિરોના પુનઃસ્થાપનમાં તેમના યોગદાન પર ટિપ્પણી કરી. તેમણે વારાણસીના તે જ શહેરમાં સેવા કરવાની તક મળવાને પોતાનું સૌભાગ્ય વ્યક્ત કર્યું, જ્યાં લોકમાતા અહલ્યાબાઈએ વ્યાપક વિકાસ કાર્ય કર્યું હતું. મોદીએ ભાર મૂક્યો કે માતા અહિલ્યાબાઈએ ગરીબો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના કલ્યાણને પ્રાથમિકતા આપતા એક અનુકરણીય શાસન મોડેલ અમલમાં મૂક્યું. તેમણે રોજગાર અને ઉદ્યોગસાહસિકતાને વેગ આપવા માટે અનેક પહેલ કરી હતી. તેમણે કૃષિ, કુટીર ઉદ્યોગો અને વન પેદાશો પર આધારિત હસ્તકલાઓને સક્રિયપણે પ્રોત્સાહન આપ્યું હતું. કૃષિ ઉત્પાદકતા વધારવા માટે તેમણે નાની નહેરો વિકસાવી અને લગભગ ૨૫૦-૩૦૦ વર્ષ પહેલાં અનેક તળાવો બનાવીને વ્યાપક જળ સંરક્ષણ પ્રયાસો કર્યા હતા. તેમણે ખેડૂતોની આવક વધારવા અને પાક વૈવિધ્યકરણને પ્રોત્સાહન આપવા માટે કપાસ અને મસાલાની ખેતીને પ્રોત્સાહન આપ્યું હતું.

**દૂધમાં સ્વાસ્થ્યવર્ધક વિટામિન્સ અને પ્રોટીન રહેલા હોઈને બાળકથી માંડીને વૃદ્ધો સુધી દૂધ એક પૌષ્ટિક અને જરૂરી આહાર છે**

# ૧ જૂન વર્લ્ડ મિલ્ક ડે! પણ શું ૧૪૦ કરોડ દેશવાસીઓને દૂધ સરળતાથી ઉપલબ્ધ છે??



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ડેરી ઉદ્યોગની વાત કરીએ અને અમુલ ડેરીની વાત ન કરીએ એ કેમ ચાલે? અમુલ ડેરી આજે એશિયાની નંબર ૧ ડેરી છે, દૂધ ઉત્પન્ન ક્ષમતાની વાત કરવામાં આવે તો, અંદાજે ૩૦ લાખ લીટર પર ડે ની કેપેસિટી ધરાવતી આ કો ઓપરેટિવ ડેરી છે, કો ઓપરેટિવ એટલે કે લોકો દ્વારા ચાલતી સંસ્થા, અને તેને ઉભી કરવાનો શ્રેય જાય છે.**

આજે ૧ જૂન એટલે કે વર્લ્ડ મિલ્ક ડે! વિશ્વ દૂધ દિવસ, દૂધ એક સંપૂર્ણ આહાર છે એવી સમજ આપવા માટે સંયુક્ત રાષ્ટ્ર ખાદ્ય અને કૃષિ સંગઠન દ્વારા ૨૦૦૧ માં વર્લ્ડ મિલ્ક ડે ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. દૂધમાં સ્વાસ્થ્યવર્ધક વિટામિન્સ અને પ્રોટીન રહેલા હોઈને બાળકથી માંડીને વૃદ્ધો સુધી દૂધ એક પૌષ્ટિક અને જરૂરી આહાર છે, અને ડોક્ટર પણ રેકેમેન્ડ કરે છે, એટલે એ સમજ અથવા તો એ હેતુ સાથે આ દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. પરંતુ ભારતમાં નેશનલ મિલ્ક ડે તરીકે ૨૬ નવેમ્બર નિયુક્ત કરવામાં આવી છે. કારણકે આ દિવસે ડો વર્ગીસ કુરિયનનો જન્મદિવસ છે, અને એટલે એ નિમિત્તે વર્લ્ડ મિલ્ક ડે ઉજવવામાં આવે છે. ડોક્ટર વર્ગીસ કુરિયનને ભારતમાં શ્વેત ક્રાંતિના જનક પણ કહેવામાં આવે છે. તેમને 'મિલ્ક મેન' તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતમાં ડેરી ઉદ્યોગના સ્થાપક તરીકે ડોક્ટર વર્ગીસ કુરિયન ઓળખવામાં આવે છે, અને ભારતમાં પ્રથમ ડેરી ઉદ્યોગના વિકાસમાં તેમનો બહું મોટો ફાળો છે. આ ઉપરાંત વર્લ્ડ મિલ્ક ડે ઉજવવાનું બીજું કારણ સ્થાનિક લોકોની અર્થવ્યવસ્થામાં સહાયરૂપ થવાનું પણ છે. આજે તો હવે ૬ અબજથી વધુ લોકો ડેરી પ્રોડક્ટનો ઉપયોગ કરે છે, અને ૧ અજબથી વધુ લોકો ડેરી ઉદ્યોગ દ્વારા આજીવિકા મેળવે છે. આ ઉપરાંત માલ ઢોર રાખનારા ડાયરેક્ટ જનતા સાથે દૂધ ઘી અને છાશનો વ્યવસાય પણ કરતાં હોય છે, અને એ રીતે દૂધ અને દૂધની બનાવટો




મેળવનારા અને વેચનાર પણ આ અર્થ વ્યવસ્થાનો જ એક હિસ્સો છે! અને આજે તો ભારતમાં કેટલીય ડેરી છે! પણ અમુલ અને સાગર દૂધ સાગર ડેરીની પ્રોડક્ટનો વ્યાપ ખૂબ વધું છે. ડેરી ઉદ્યોગની વાત કરીએ અને અમુલ ડેરીની વાત ન કરીએ એ કેમ ચાલે? અમુલ ડેરી આજે એશિયાની નંબર ૧ ડેરી છે, દૂધ ઉત્પન્ન ક્ષમતાની વાત કરવામાં આવે તો, અંદાજે ૩૦ લાખ લીટર પર ડે ની કેપેસિટી ધરાવતી આ કૉ ઓપરેટિવ ડેરી છે. કો ઓપરેટિવ એટલે કે લોકો દ્વારા ચાલતી સંસ્થા, અને તેને ઉભી કરવાનો શ્રેય જાય છે, ડૉ વર્ગીસ કુરિયનને, જેને આજે આપણે 'મિલ્ક મેન ઓફ ઈન્ડિયા', 'ફાધર ઓફ વ્હાઈટ રિવોલ્યુશન', 'શ્વેત ક્રાન્તિના પ્રણેતા' જેવા અલગ અલગ નામથી જાણીએ છીએ. આણંદની અમુલ ડેરી બનવા પાછળ ડૉક્ટર વર્ગીસ કુરિયન જવાબદાર છે. જયારે તેઓ ગુજરાત રિસર્ચ ડિપાર્ટમેન્ટ માં ડેરી એન્જીનીયર તરીકે નિમણૂક પામી આણંદ આવ્યા! અને પોતે વિજ્ઞાન સાથે સ્નાતક થયા હોવાથી એમને આ ઉદ્યોગમાં લોકો માટે રૂપિયા દેખાયા! તેમજ ગામડાની ભોળી પ્રજા માટે એક સ્થાયી અને પ્રમાણમાં સારી કહી શકાય એવી આવક મળે એ હેતુથી શ્વેતક્રાંતિ માટેની શરૂઆત ત્યારે થઈ. તેઓને પહેલેથી જ ટેકનોલોજી અને નવા પ્રયાસોને પ્રાયોગિક દ્રષ્ટિકોણ આપવાની ઈચ્છાઓના કારણે તેમણે દૂધ ઉત્પાદન ક્ષેત્રે ગાયોના દૂધની જગ્યાએ ભેંસના દૂધને પ્રાધાન્ય આપવા માટે કામ ચાલુ કર્યું, અને ત્યારબાદ મિલ્ક પાવડર અને કન્ડેન્સ્ડ મિલ્ક ની પ્રોડક્ટ બનાવી. આ બધી વાતો તો આંકડાકીય છે, પણ આપણે સમાજ દર્શન કરીએ તો દૂધ એક સંપૂર્ણ અને પોષ્ટિક આહાર છે, એવું જ્ઞાન હવે લગભગ બધાને છે! એટલે કે પ્રાથમિક શિક્ષણમાં જ એ વાતને આવરી લેવામાં આવે છે. પરંતુ શું આ સમજ કે આ શિક્ષણ દરેકને દૂધ પૂરું પાડી શકે છે? કારણકે ભારત આજે વિશ્વની સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે, અને ૧૪૦ કરોડ ઉપરની વસ્તીને શું દૂધ આસાનીથી ઉપલબ્ધ છે? ૨, ૨રુપિયા કરી કરીને આજે અમુલ ગોલ્ડ ૬૭ લીટર અને ૫૦૦ એમ એલ ૩૪ રુપિયે મળે છે. ડોક્ટરના કહેવા મુજબ એક વ્યક્તિ એ ઓછામાં ઓછું ૩૦૦ થી ૪૦૦ એમ એલ દૂધ નિરોગી રહેવા માટે પીવું જોઈએ! અને એ હિસાબે પાંચ વ્યક્તિનાં પરિવાર માટે ઓછામાં ઓછું બે લીટર દૂધ જોઈએ! ઓછી ફેટ વાળું દૂધ ખરીદે તો પણ ૧૦૦ દૂધનાં થાય ! અને ભારતમાં શ્રમજીવીની વસ્તી ઘણી છે?; અને એમની દૈનિક આવક ૬૦૦ રુપિયા ગણીએ તો દરેકને દુધ મળવું કંઈ રીતે શક્ય છે? પહેલાં વસ્તીનો ૧૫% વર્ગ કે જે થોડો ધનવાન કે સુશિક્ષિત કે સ્ટેબલ જોબ ધરાવતા હતાં એ જ શહેરમાં વસતા હતા! જ્યારે આજે શહેરીકરણને કારણે શહેરમાં ઉદ્યોગ માટે શ્રમજીવી વર્ગ પણ શહેરનો હિસ્સો બન્યા છે, અને આટલાં લોકોને સમાવવા શક્ય ન હોવાથી ઝૂંપડપટ્ટીઓ અસ્તિત્વમાં આવી! જ્યાં લાઈટ નળ ગટર વગેરેની પ્રાથમિક સુવિધા પણ માંડ માંડ હોય, અને એટલે જાણે ગંદકીનું સામ્રાજય. કદાચ ઈશ્વરને ખબર હશે અને એટલે બાળક માટે માતાનું દૂધ ઉત્તમ આહાર અને ઔષધ છે. પરંતુ ભારતમાં કુપોષણ પણ વ્યાપક રીતે જોવાં મળે છે! અને એટલે પ્રેગ્નન્સી દરમ્યાન માતાને યોગ્ય આહાર ન મળ્યો હોય, તો બાળક માટે દૂધ ક્યાંથી આવે! અને આવે તો પણ ગુણવત્તા વાળું તો ન જ હોય! ગર્ભમાં બાળકનું મરવું કે મારવું! જન્મીને મરી જવું, કે બાળ મરણ થવું! દિકરી હોય તો પક્ષપાત અને આમ કદાચ જીવી જાય તો માતાપિતાની ઓછી આવક કે પિતાના વ્યસની હોવાને કારણે બાળ મજૂરી! સરકાર ગમે તેટલો શિક્ષણ પર ભાર મુકે! કુપોષણ મુક્ત બનાવવા મધ્યાહન ભોજન યોજના કરે!પ્રાથમિક જરૂરિયાત માટે રેશન વગેરે સસ્તું આપે! અરે સસ્તી આવાસ યોજનાઓ પણ બને, પણ દરેક ક્ષેત્રમાં પ્રવેશેલા ભ્રષ્ટાચારને કારણે ઝૂંપડપટ્ટી અને એની સમસ્યાઓ એમની એમ જ રહે છે! કારણકે મોટાભાગના વિકાસ કાગળ પર જ દેખાય છે. શ્રમજીવીના સંતાનોને કપડાં વગર, ચપ્પલ વગર રખડતા જોઈએ, ત્યારે એમ થાય કે શું આ એ જ ભારત છે?! કે જે આજે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે, અને વિશ્વની ત્રીજી અર્થ વ્યવસ્થા બનવા જઈ રહ્યું છે. જ્યાં સુધી વર્લ્ડ મિલ્ક ડે ની વાત છે, તો આપણે તો ભગવાન શ્રીકૃષ્ણે ગાયો ચારી અને એનું દૂધ માખણ મિસરી ખાધું એવી વાત છે જ! એટલે દૂધ એક સંપૂર્ણ આહાર છે, એ સમજ આપણી પાસે છે જ!: પણ છતાં દેશી દારૂની કોથળી અને બીડી ખરીદી શકનારો પરિવારનો મુખિયા પોતાના બાળકોના પોષણ વિશે વિચારતો નથી! અને આમ દૂધ દરેકને નસીબ નથી.બીજુ ગાય આજે કતલખાને પહોંચી છે! એટલે કે કોઈ પણ માલઢોર જ્યારે કંઈ કામમાં આવે એમ નથી, અથવા એની વધુ કિંમત મળે ત્યારે જે બેરહેમીથી એની કત્લ કરવામાં આવે છે!એ અત્યંત દયનીય છે. જોકે ગૌરક્ષક ગૌવંશ ને બચાવવા ખૂબ મહેનત કરે છે! પણ છતાંય કતલખાના ધમધોકાર ચાલે છે. વિકાસ માટે સરકાર પૂરાં પ્રયત્ન કરી રહી છે, પરંતુ સર્વાંગી વિકાસ માટે પ્રત્યેક વ્યક્તિએ મહેનત કરવી પડશે! શિવરાત્રી પર લખ્યું હતું એમ શ્રાવણમાં અભિષેક માટે વપરાતું લાખો લીટર દૂધ ઉઘરાવીને યોગ્ય જગ્યાએ પહોંચવું જોઈએ!'. તદ ઉપરાંત વ્યસનમાં વેડફાઈ જતી આવકને બચાવીને બાળકોના પોષણ અને શિક્ષણ વિષે વિચારવું જોઈએ! અને સૌથી વધુ મહત્વનું, આટઆટલાં રુપિયા સરકાર ગરીબો માટે વાપરે છે, છતાં ગરીબી એમની એમ જ છે! એનું કારણ શોધવું પડશે! જેમ કે ગરીબો સ્માર્ટ ફોન ખરીદી શકે, પણ દૂધ નહીં! આ બધી પાયાની બાબતો પર જ્યાં સુધી ધ્યાન કેન્દ્રિત નહીં કરવામાં આવે, ત્યાં સુધી વિકાસ કાગળ પર જ રહેશે! અને આવા વર્લ્ડ મિલ્ક ડે ની ઉજવણી પર!: આપણને આપણી કરુણતા સિવાય બીજું કંઈ નહીં દેખાય.જય હિન્દ.

**સાંપ્રદાયિકતા અને જાતીયતાના રંગીન ચશ્મા ઉતારીને જોઈએ તો જ ધર્મનું શુધ્ધરૂપ સમજમાં આવે છે**

# મારું માનો તો બે કામ જિંદગીમાં ક્યારેય ના કરતા, ખોટા માણસને પ્રેમ અને સાચા માણસ સાથે ગેમ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આજે આપણે નામનો મોહ અને સારા જ્ઞાની પુરુષની પાસે જવાથી કેવી રીતે છૂટે તે જોઇએ, આ અમે ભણતા ત્યારે અભ્યાસમાં પાઠ રૂપે આવતું નામનો મોહ છૂટ્યો એક ગામમાં કોઈ વ્યક્તિના મા-બાપે તેના છોકરાનું નામ પાપક રાખી દીધું, મોટા થતાં તો આ નામ છોકરાને ખૂબ ખરાબ લાગવા માંડ્યું, તેણે પોતાના આચાર્યને પ્રાર્થના કરી કે સાહેબ, મારું નામ બદલી આપો.**

ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા છે તે ન તો હિન્દુ,મુસલમાન કે શીખ ઈસાઈ પારસી બૌદ્ધ કે જૈન નથી.આ બધા સંપ્રદાયો છે.આજે આપણે નામનો મોહ અને સારા જ્ઞાની પુરુષની પાસે જવાથી કેવી રીતે છૂટે તે જોઈએ. આ અમે ભણતા ત્યારે અભ્યાસમાં પાઠ રૂપે આવતું નામનો મોહ છૂટ્યો એક ગામમાં કોઈ વ્યક્તિના મા-બાપે તેના છોકરાનું નામ પાપક રાખી દીધું. મોટા થતાં તો આ નામ છોકરાને ખૂબ ખરાબ લાગવા માંડ્યું. તેણે પોતાના આચાર્યને પ્રાર્થના કરી કે સાહેબ, મારું નામ બદલી આપો.આ નામ બહુ જ અપ્રિયછે કેમકે એ અશુભ, અમંગળ અને અપશુક નિયાળ છે. આચાર્યએ તેને સમજાવ્યું કે નામ તો કેવળ પ્રજ્ઞપ્તિ માટે, એટલે કે ઓળખ માટે,વ્યવહાર જગતમાં હાક મારવા ખાતર જ હોય છે. નામ બદલવાથી કોઈ અર્થ સરતો નથી. કોઈ પાપક નામ રાખીને પણ સત્કર્મોથી ધાર્મિક બની શકે છે અને ધાર્મિક નામ રહે તો પણ દુષ્કર્મોથી પાપી બની શકે છે. મુખ્ય વાત તો કર્મની છે. નામ બદલવાથી શું થશે? પરંતુ તે ન માન્યો? આગ્રહ કરતો જ રહ્યો. આખરે આચાર્યએ કહ્યું "અર્થસિદ્ધિ તો કર્મ સુધારવાથી જ થશે, પરંતુ જો તું નામ પણ સુધારવા ઈચ્છે છે તો જા, ગામ- નગરના લોકોને જોઈ લે અને જેનું નામ તને શુભ લાગે તે મને બતાવ. તારુંનામ તે પ્રમાણે બદલી નાખવામાં આવશે.પાપક સુંદર નામવાળાઓની શોધમાં નીકળી પડયો.ઘરથી બહાર નીકળતાં



જ તેને શબયાત્રાના દર્શન થયાં. પૂછ્યું કોણ મરી ગયું?લોકોએ કહ્યું જીવક પાપકે વિચાર્યું નામ જીવક,પણ મૃત્યુનો શિકાર થઈ ગયો? આગળ વધતાં તેણે જોયું કે કોઈ દીનહીન દુઃખીયારી સ્ત્રીને મારપીટ કરી ઘરમાંથી કાઢી મૂકવા માં આવી રહી છે.નામ પૂછ્યું તો જાણવા મળ્યું ધનપાલ. પાપક વિચારમાં પડયો, નામ ધનપાલ અને પૈસા પૈસા માટે પરાવલંબી. ત્યાંથી આગળ વધતાં એક રસ્તો ભૂલેલા વ્યક્તિને લોકોને રસ્તો પૂછતાં જોયો.નામ પૂછતાં કહેવા માં આવ્યું પંથક પાપક ફરીથી વિચારમાં પડી ગયો. અરે!પંથક પણ પંથ પૂછે છે, પંથ ભૂલે છે! પાપક પાછો ફર્યો. હવે નામ પ્રત્યે તેનું આકર્ષણ કે અનાકર્ષણ દૂર થઈ ચૂકયું હતું. વાત સમજમાં આવી ગઈ. શું રાખ્યું છે નામમાં? જીવક પણ મરે છે અને અજીવક પણ. ધનપાલ પણ દરિદ્ર હોય છે અધનપાલ પણ.પંથક પણ પંથ ભૂલે છે અને અપથંક પણ સાચે જ નામનો મોહ નિરર્થક નકામો છે જન્મથી અંધ અને નામ નયન સુખ જન્મથી દુઃખી અને નામ સદા સુખ ભલે રહ્યું નામ,મારું શું બગડે છે? હું મારાં કર્મ સુધારીશ. કર્મ જ પ્રમુખ છે,કર્મ જે પ્રધાન છે જે વાત વ્યક્તિના નામ પર લાગુ થાય છે,તે જ સંપ્રદાયના નામ પર પણ.ન બૌદ્ધ સંપ્રદાયના સહુલોકો બોધિ સંપન્ન હોય છે અને ન જૈન સંપ્રદાયના સહુ આત્મજીત.ન બ્રાહ્મણ સંપ્રદાયના સહુ બ્રહ્મ વિહારી હોય છે અને ન ઈસ્લામ ના સહુ સમર્પિત અને શાંત જેમ દરેક વ્યક્તિમાં ભલાઈ બુરાઈ બંને હોય છે, તેમ દરેક સંપ્રદાયમાં સારાં નરસાં લોકો હોય છે. કોઈ પણ સંપ્રદાયના ન તો બધાં લોકો સારાં હોઈ શકે છે, ન બધાં નરસાં. પરંતુ સાંપ્રદાયિક આસક્તિને કારણે આપણે આપણા સંપ્રદાય નાં દરેક વ્યક્તિને સજ્જન અને પરાયા સંપ્રદાયના દરેક વ્યક્તિને દુર્જન માનવા લાગીએ છીએ. હિન્દુ, બૌદ્ધ, જૈન, ખ્રિસ્તી કે મુસ્લિમ કહેવરાવવા માત્રથી ન કોઈ વ્યક્તિ સજ્જન બની જાય છે, ન દુર્જન. બૌદ્ધ કહેવરાવનાર વ્યક્તિ પરમ પુણ્યવાન પણ હોઈ શકે છે અને નિતાંત પાપી પણ. આ વાત સર્વ સંપ્રદાયો પર સમાન રૂપે લાગુ પડે છે. જેવી રીતે વ્યક્તિની ઓળખાણ માટે તેને કોઈ નામ દેવામાં આવે છે, તેવી જ રીતે કોઈ સમુદાયની ઓળખાણ માટે પણ.આ નામો સાથે ગુણોનો કોઈ સંબંધ નથી. તેલથી ભરેલા પીપ પર શુદ્ધ ઘીનું લેબલ લગાવ્યા પછી પણ તેલ, તેલ જ રહે છે,શુદ્ધ ઘી નથી બની જતું.કોઈ સુંદર વ્યક્તિનું નામ કુરૂપ રાખી દઈએ તો તે કુરૂપ અને કોઈ કુરૂપને સુંદર કહેવા લાગીએ તો તે સુંદર નથી બની જતી. ફૂલને કાંટો અથવા કાંટાને ફૂલ કહેવા લાગીએ તો પણ ફૂલ-ફૂલ જ રહે છે, કાંટો-કાંટો જ. કોઈ વ્યક્તિ હોય તો રંક,પણ નામહોય રાજન આવી વ્યક્તિ જયાં સુધીએ તથ્ય ને સમજે છે કે આ રાજન નામ કેવળ સંબોધન માટે છે, વાસ્તવમાં હું રંક છું, ત્યાં સુધી તે હોશમાં છે. પરંતુ જે દિવસે તે આ નામનો દંભ માથે ચઢાવીને રંક હોવા છતાં પણ,પોતાને રાવરાજા અને અન્ય સહુને પોતાનાથી ઉતરતી કક્ષાના માનવા લાગે તો તે પ્રમત્ત વ્યક્તિ,લોકોના ઉપહાસ નું પાત્રબની જાય છે.પરંતુ જ્યાં રાજન નામના હજારો લાખો રંક હોય અને એ બધા સંગઠિત થઈને પોતપોતાને રાવરાજા માનવાલાગે તથા અન્ય સર્વ લોકોને ઉતરતી કક્ષાના માનવા લાગે તો પાગલોનું આવો સમૂહ કેવળ ઉપહાસાસ્પદ જ નહીં,બલ્કે સમગ્ર સમાજ માટે ખતરાનું કારણ બની જાય છે. બરાબર આવી જ દશા આપણી થઈ જાય છે, જ્યારે આપણે જાતીયતા, સાંપ્રદાયિકતા કે રાષ્ટ્રીયતાનો નશો ચઢાવી પ્રમત્ત થઈ ઊઠીએ છીએ અને પોતાને અન્યોથી શ્રેષ્ઠ માની તેઓને ધૃણા ની દ્રષ્ટિથી જોવા લાગીએ છીએ. આવી અવસ્થામાં આપણે પણ સમાજ માટે ખતરા નું તેમજ તેની અશાંતિ નું કારણ બની જઈએ છીએ. સુખશાંતિ ખોઈને સાચા ધર્મથી દૂર થતાં જઈએ છીએ. ધર્મને જાતિ,વર્ણ,વર્ગ,સમુદાય, સંપ્રદાય, દેશ, રાષ્ટ્રની સીમાઓમાં ન બાંધી શકાય. માનવ સમાજના કોઈપણ વર્ગમાં ધર્મવાન વ્યક્તિ હોઈ શકે છે.ધર્મ પર કોઈ એક વર્ગ વિશેષનો એકાધિકાર નથી હોતો. ધર્મ આપણને નેક માણસ બનતાં શિખવે છે. નેક માણસ નેક માણસ છે. તે પોતાના સંપ્રદાયની જ નહીં, પરંતુ સમગ્રમાનવસમાજ ની શોભા છે.જે નેક માણસ જ નથી તે નેક હિંદુ કે મુસલમાન,નેક બૌદ્ધ કે જૈન,નેક ભારતીય કે બર્મી નેક બ્રાહ્મણ કે ક્ષત્રિય કેવી રીતે હોઈ શકે? અને જે માણસ નેક થઈ ગયો તે સાચા અર્થમાં ધર્મ વાન થઈ ગયો.તેને કોઈપણ નામ થી બોલાવવામાં આવે તો શું ફરક પડે છે? ગુલાબ ગુલાબ જ રહેશે, નામ બદલી નાખવાથી તેની સુગંધમાં કોઈ ફેર પડશે નહીં.જે બાગમાં ખીલશે તેને અને ન કેવળ તેને બલ્કે આસપાસના સારાયે બાગ મંડળને પોતાની સૌરભથી સુરભિત કરશે. તેથી મુખ્યવાત છે ધર્મવાન બનવાની નેક માનવ બનવાની. નામ ભલે ગમે તે રહે, બાગ ભલે કોઈ પણ સમુદાયનો હોય, તેના પર ભલે ગમે તે નામનું બોર્ડ લાગેલું હોય. ફૂલ ખીલવા જોઈએ.સૌરભ પ્રસરવી જોઈએ. સાંપ્રદાયિકતા અને જાતીયતાના રંગીન ચશ્મા ઉતારીને જોઈએ તો જ ધર્મનું શુધ્ધરૂપ સમજમાં આવે છે. અન્યથા પોતાની સંપ્રદાયનું રંગરોગાન, નામ-લેબલ જ પ્રમુખ તા લઈ લે છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, ઑપરેશન સિંદૂર મોકડ્રિલ ઑપરેશન શિલ્ડ અત્યારે ધૂમ મચાવે છે નામની ઘેલશા કરતા મોઘવારી શિક્ષિત યુવાધન બેરોજગાર બની વ્યસન ગુનાહિત પ્રવૃત્તિની ખાઈમાં ખાબકી રહ્યા છે ભ્રષ્ટાચારના નવા પુલ ગમે ત્યારે ધરાશાયી થાય છે તે બાબતે કંઈક નક્કર કામ થાય તેવા લોકોના સૂર વેદનાસભર આક્રોશમાં સાંભળવા મળે છે જે વિશે સરકાર જાગૃત બને.. તેવી આશા સહ અસ્તુ.

મૌસમી ચેટર્જી આજકાલ તેના એક ઇન્ટરવ્યુને કારણે ઘણી સમાચારમાં છે

# અમિતાભ અભિનયમાંથી ઊંચા ન આવ્યા અને રાજેશ ખન્ના ઘમંડી હતા: મૌસમી



પોતાની સ્પષ્ટવક્તા બોલી માટે પ્રખ્યાત, મૌસમી ચેટર્જી આજકાલ તેના એક ઈન્ટરવ્યુને કારણે સમાચારમાં છે, જેમાં તેણીએ તેની ફિલ્મ કારકિર્દીથી લઈને અમિતાભ બચ્ચન અને રાજેશ ખન્ના સુધીની દરેક બાબત વિશે વાત કરી હતી. તેણીએ રાજેશ ખન્નાને 'ઘમંડી' કહ્યા હતા, તેણીએ એ પણ ખુલાસો કર્યો હતો કે તેણીને અમિતાભની એક ફિલ્મમાંથી બહાર કાઢી મૂકવામાં આવી હતી. હવે તેણીએ ફરીથી અમિતાભ અને રાજેશ ખન્ના વિશે વાત કરી છે.મૌસમી ચેટર્જીએ કહ્યું હતું કે તેણીને અમિતાભ માટે દુઃખ થાય છે. તે પોતાની છબીનો શિકાર છે.



મૌસમીએ કહ્યું હતું કે અમિતાભ બચ્ચન હંમેશા પોતાના શબ્દો પ્રત્યે સચેત રહેતા હતા અને મોટા સ્ટારની પોતાની છબી જાળવી રાખવા માટે હંમેશા ચોક્કસ રીતે વર્તતા હતા.મૌસમી ચેટર્જીએ કહ્યું, 'અમિતાભ બચ્ચન ખૂબ જ બુદ્ધિશાળી છે. તે હંમેશા રાજકીય રીતે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરે છે. મને ક્યારેક તેમના માટે દુઃખ થાય છે. મને લાગે છે કે મોટાભાગે તે ફક્ત એટલા માટે જ અભિનય કરે છે કારણ કે તે ફક્ત એટલું જ જાણે છે. હું ખોટી હોઈ શકું છું, પરંતુ હું તેના વિશે આવું જ વિચારું છું. તે તેની છબીને કારણે છે. તેની એક મહાન છબી છે, જે બીજું કોઈ પ્રાપ્ત કરી શક્યું નથી.'મૌસમીએ પછી સમજાવ્યું કે અમિતાભ બચ્ચન રાજેશ ખન્નાથી કેટલા અલગ છે, અને બંને વચ્ચે કેટલો તફાવત છે. તેણીએ કહ્યું, 'અપાર સફળતા છતાં, અમિતાભ જમીન પર રહ્યા. પરંતુ રાજેશ ખન્ના આમાં નિષ્ફળ ગયા. તે તેની સફળતાથી ખૂબ ખુશ હતો. જેમ કહેવાય છે - એક અભણ ગુંડા અને શિક્ષિત ગુંડા વચ્ચે ઘણો તફાવત છે.'મૌસમી ચેટર્જીએ આગળ કહ્યું, 'મેં ક્યારેય અમિતાભ બચ્ચનને ચાતુરીઓ સાથે જોયા નથી. પરંતુ રાજેશ ખન્ના હંમેશા આવા લોકોથી ઘેરાયેલા રહેતા હતા. તેમને તે ધ્યાન અને લાડની જરૂર હતી. ''પણ દુઃખની વાત છે કે આ બધું તેમના મગજમાં કેવી રીતે ઉતરી ગયું અને તેમની કારકિર્દી નીચે ગઈ. આ તેમના માટે એક મોટો ફટકો હતો. એક સમય હતો જ્યારે તેઓ ટોચ પર હતા, કોઈએ આટલી ઊંચાઈ જોઈ ન હતી.'' મૌસમી ચેટર્જી અને અમિતાભે તેમના કરિયરમાં ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું. તેઓ બંને 'પીકુ'માં પણ દેખાયા હતા.

# રિતિક રોશન KGF-3માં યશને ટક્કર આપવા સજ્જ



હાલ તો રિતીક વૉર ૨ની તૈયારીમાં વ્યસ્ત છે, જેમાં તેની સાથે કિઆરા-જુનિયર એનટીઆર પણ છે



રિતિક રોશનને સાઉથના સુપર સ્ટાર્સ સાથે કોલબરેશન ફાવી ગયું છે. પહેલાં 'વૉર' અને 'વૉર ૨'માં જુનિયર એનટીઆર સાથે કામ કર્યુ અને હવે તે કેજીએફ ફ્રેન્ચાઈઝી અને કંતારાના પ્રોડ્યુસર હોમ્બેલ ફિલ્મ્સ સાથે હાથ મિલાવ્યા હોવાની ચર્ચા છે. આ પ્રોડક્શન હાઉસ દ્વારા એક નિવેદન જાહેર કરવામાં આવ્યું છે જેમાં તેમણે કહ્યું, તેમની આગામી ફિલ્મ ''કપચી, ભવ્યતા અને કિર્તી''ની કહાણી છે, જે વધુ ધારદાર અને કાલ્પનિક હશે. તેમણે પોતાના પ્રોડક્શન હાઉસના સોશિયલ મીડિયા પર આપેલાં નિવેદનમાં જણાવ્યું કે, લોકો તેને ગ્રીક ગોડ કહે છે. તેણે દિલો પર રાજ કર્યુ છે, તેણે સીમાઓ તોડી નાખી છે અને આપણે જોઈએ છીએ કે તે ખરો ઘટનાત્મક વ્યક્તિ છે. અમે રિતિકને હોમ્બેલ ફિલ્મ્સમાં આવકારતાં ખુશ છીએ, આ બિગ બેંગની ટૂંક સમયમાં શરૂઆત થશે.વેરીટીના આ પ્રોજેક્ટમાં કામ કરવા રિતિક પણ ઉત્સુક છે. તેણે લખ્યું, ''આટલાં વર્ષોમાં હોમ્બેલ ઘણી અલગ કહાણીઓનું ઘર રહ્યું છે. હું તેમની સાથે જોડાઈને દર્શકોને એક અનોખો સિનેમેટિક અનુભવ પુરો પાડી શકું એવી આશા છે. અમે મોટા સપના જોઈએ છીએ અને તેમની કલ્પનાને હકીકત બનાવવા સજ્જ છીએ.''જોકે, ફિલ્મની ટીમે હજુ સુધી ફિલ્મનું જોનર કે પછી નામ જાહેર કર્યુ નથી, તેથી આ નિવદનો આસપાસ ચર્ચા વિચારણા શરૂ થઈ ગઈ છે. કોઈ રોકીભાઈ અને રિતિક વચ્ચેની ટક્કરની રાહ જોઈ રહ્યું છે તો કોઈ આ પ્રકારના કોલબરેશનને ભારતીય સિનેમાનું ભવિષ્ય માની રહ્યા છે. આ રીતે ભારતીય સિનેમાની ખરી ક્ષમતા બહાર લાવી શકાશે. કલામાં ઉત્તર અને દક્ષિણ બંનેના છેડાં ભેગા કરવાની જરૂર છે.હાલ તો રિતીક વૉર ૨ની તૈયારીમાં વ્યસ્ત છે, જેમાં તેની સાથે કિઆરા અડવાણી અને જુનિયર એનટીઆર પણ છે, આ ફિલ્મ ૧૪ ઓગસ્ટે રિલીઝ થવાની છે. સાથે હોમ્બેલ કંતારા- ચેપ્ટર ૧ની પણ તૈયારી કરી રહ્યું છે, જે ૨૦૨૨ની કંતારાની પ્રીક્વલ હશે.

# હેરા ફેરી 3 માં રાજુ, શ્યામ-બાબુ રાવનું સ્થાન કોઈ લઈ નહી શકે

**હેરા ફેરી 3 વિશે વાત કરીએ તો, આ ફિલ્મ હેરા ફેરીનો ત્રીજો ભાગ છે**



હેરા ફેરી ૩ આજકાલ ખુબ ચર્ચામાં છે. પરેશ રાવલે ફિલ્મ છોડી દીધી છે. હવે સુનીલ શેટ્ટીએ ફિલ્મમાં કાર્તિક આર્યનની ભૂમિકા પર પ્રતિક્રિયા આપી છે.હેરા ફેરી ૩ માં કાર્તિક આર્યનના કાસ્ટિંગ પર સુનીલ શેટ્ટીએ કહ્યું કે કોઈ મારું, અક્ષય અને પરેશનું સ્થાન લઈ શકે નહીં. પરેશ રાવલના બહાર નીકળ્યા પછી, ફિલ્મમાં તેમનું સ્થાન કોણ લેશે તે અંગે દરેક જગ્યાએ ચર્ચા ચાલી રહી છે. અભિનેતા સુનીલ શેટ્ટી કહે છે કે ફિલ્મમાં તેમનું સ્થાન કોઈ લઈ શકે નહીં, પરેશ રાવલ અને અક્ષય કુમાર. શરૂઆતમાં ફિલ્મમાં કાર્તિક આર્યનના કાસ્ટિંગ વિશે અહેવાલો હતા. હવે સુનીલે આ અહેવાલો પર પ્રતિક્રિયા આપી છે. સુનીલ શેટ્ટીએ કહ્યું, 'જ્યારે દર્શકો પાત્રોને યાદ કરે છે ત્યારે ફિલ્મ આઈકોનિક બની જાય છે. આ સુનીલ, અક્ષય અને પરેશ નહીં પણ રાજુ, શ્યામ અને બાબુ રાવ છે. આ ત્રણ પાત્રોને કોઈ બદલી શકે નહીં.'તે જ સમયે, સુનીલે કાર્તિક આર્યનની કાસ્ટિંગ પર પણ પ્રતિક્રિયા આપી છે. સુનીલે કહ્યું, 'જ્યારે કાર્તિકને ફિલ્મ માટે વિચારવામાં આવ્યો હતો, ત્યારે પણ તે રાજુને બદલવાનો નહોતો. આ એક સંપૂર્ણપણે અલગ ભૂમિકા હતી.શરૂઆતમાં એવા અહેવાલો હતા કે કાર્તિક આર્યનને ફિલ્મ હેરા ફેરી ૩ માટે ધ્યાનમાં લેવામાં આવી રહ્યો છે. જોકે, કાર્તિક સાથે બધું કામ ન ચાલ્યું. પરેશ રાવલે કહ્યું, 'કાર્તિક રાજુથી બિલકુલ અલગ હતો અને તેની ઉર્જા ખૂબ જ અલગ હતી.હેરા ફેરી ૩ વિશે વાત કરીએ તો, આ ફિલ્મ હેરા ફેરીનો ત્રીજો ભાગ છે, જે ૨૦૦૦ માં આવી હતી. હેરા ફેરીનો બીજો ભાગ ૨૦૦૬ માં આવ્યો હતો. બંને ફિલ્મો ખૂબ જ પસંદ કરવામાં આવી હતી. હવે હેરા ફેરી ૩ આવવાની છે. ફિલ્મનું ટીઝર પણ શૂટ કરવામાં આવ્યું હતું. જોકે, પરેશ રાવલે છેલ્લી ઘડીએ ફિલ્મ છોડી દીધી. પરેશના ફિલ્મ છોડવાથી ચાહકો ખૂબ જ દુઃખી છે.



સત્ય સામે આવતા ભડકી અભિનેત્રી

# અભિનેત્રી તમન્ના ભાટિયાએ પણ ક્રિકેટર વિરાટવાળી ભૂલ કરી!



ડાયરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ સ્પિરિટને લઈને છેલ્લા ઘણા દિવસોથી સમાચાર સામે આવી રહ્યા છે. વાંગા અને એક્ટ્રેસ દિપિકા પાદુકોણ વચ્ચેનો વિવાદ કોઈનાથી છુપાયો નથી. આ વચ્ચે એક્ટ્રેસ તમન્ના ભાટિયા ફણ ચર્ચામાં આવી ગઈ છે. આ સમગ્ર વિવાદ વચ્ચે હવે તમન્ના ભાટિયાએ દિપિકાની એક રીલ સોશિયલ મીડિયા પર લાઈક કરી છે, જેમાં મહિલાઓ સામે ફેલાવવામાં આવી રહેલી ગેરસમજ અને અન્યાયના મુદ્દાઓને ઉજાગર કર્યા છે. તમન્ના ભાટિયાને સોશિયલ મીડિયા પર એક રીલ લાઈક કરી છે, જેને ચાહકો દીપિકાના મુદ્દા સાથે જોડી રહ્યા છે. ચાહકોનું માનવું છે કે આ તમન્નાનો દીપિકાને ટેકો વ્યક્ત કરવાની રીત હતી. જોકે, હવે તમન્નાએ આ સમગ્ર મામલે દોષનું ઠીકરું સોશિયલ મીડિયા પર ફોડી દીધું છે. તેની હાલત પણ કેટલાક અંશે વિરાટ કોહલી જેવી થઈ ગઈ છે.એક્ટ્રેસે બુધવારે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો. આ વીડિયોમાં ખાસ જે હતું તે તેનું કેપ્શન હતું. તમન્નાએ વીડિયોમાં કંઈ નહીં કહ્યું, પરંતુ કેટલાક એક્સપ્રેશન બનાવ્યા. આ સાથે જ તેણે કેપ્શનમાં લખ્યું કે, 'શું ઈન્સ્ટાગ્રામ એ ફિગર આઉટ કરી શકે છે કે તે આખરે કેવી રીતે આપમેળે કોઈ પેજ અથવા રીલને લાઈક કરે છે, કારણ કે ઘણા લોકો હવે સમાચાર બનાવી રહ્યા છે અને મારી પાસે ખરેખર ઘણું કામ છે.' તમન્નાની આ રીલ પર ચાહકો હવે અલગ-અલગ પ્રકારની કોમેન્ટ્સ કરી રહ્યા છે. તમન્ના સાથે જે થયું તે થોડા દિવસો પહેલા વિરાટ કોહલી સાથે પણ થયુ હતું. ક્રિકેટર વિરાટ કોહલીએ એક્ટ્રેસ અને ઈન્ફ્લુએન્સર અવનીત કૌરના ફેન પેજની પોસ્ટને ભૂલથી લાઈક કરી દીધી હતી. ત્યારબાદ ઘણો હોબાળો થયો હતો, ત્યારબાદ ક્રિકેટરે ચાહકોને જણાવ્યું હતું કે, મેં પોસ્ટ લાઈક નહોતી કરી, પરંતુ તે સ્ક્રોલ કરતી વખતે થઈ ગઈ હતી. આ અલ્ગોરિધમનો વાંક છે. હવે તમન્નાએ પણ એ જ વાત કહી છે. તેણે કોઈનું નામ લીધા વિના ઈન્સ્ટાના અલ્ગોરિધમ પર ઠીકરું ફોડી દીધુ છે.

# ભારતની પ્રથમ મિસ ગ્રાન્ડ રશેલ ગુપ્તાએ ગોલ્ડન તાજનો ત્યાગ કર્યો

**મને માનસિક ત્રાસ આપ્યો, મને હાનિ પહોંચડવા આયોજકો કોઈ પણ હદે જઈ શકે છે, પૂર્વ સ્પર્ધકોએ પણ મને ટેકો આપ્યો હતો**





રશેલ ગુપ્તા પહેલી ભારતીય હતી, જેણે ૨૦૨૪માં મિસ ગ્રાન્ડ ઈન્ટરનેશનલનો ગોલ્ડન તાજ જીતીને ઈતિહાસ સર્જ્યો હતો. સમગ્ર દેશ માટે આ એક ઐતિહાસિક ઘટના બની ગઈ હતી. તેના પછી તેને એક મિસ ગ્રાન્ડ ઈન્ટરનેશનલ તરીકે અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો હતો. પરંતુ બુધવારે મોડી રાત્રે તેણે ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત કરી કે આ પદ છોડી રહી છે અને તેણે મહેનતથી જીતેલો તાજ પાછો આપી રહી છે. તેણે કહ્યું કે તેણે ઘણી મહેનતથી આ સ્પર્ધા જીતી હતી, તેથી તેના માટે આ નિર્ણય લેવો સરળ નહોતો. પરંતુ તેણે ઘણી મુશ્કેલી અને મનોમંથન પછી આ નિર્ણય લીધો છે. રશેલે યુટ્યુબ પર લગભગ એક કલાકનો વીડિયો શેર કરતાં કહ્યું, ''આટલી ખુલીને અને પ્રામાણિકપણે બોલવા માટે ઘણી હિંમતની જરૂર પડે છે, પરંતુ મને ખરેખર આશા છે કે આનાથી એવી છોકરીઓને મદદ મળશે જે મારા જેવા સપના ધરાવે છે. મારી વાત તમને સ્પષ્ટ ચિત્ર બતાવી શકે છે, હું તમને વિનંતી કરું છું કે તમે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ધ્યાન આપો. મારી પાસે દરેક વસ્તુ માટે સ્ક્રીનશોટ અને રસીદો છે, પરંતુ હું તેમનાં જેટલી નીચલા સ્તર સુધી જવા માગતી નથી. જે લોકો મારા પર વિશ્વાસ કરે છે તેઓ પુરાવાને ધ્યાનમાં લીધા વિના મારી વાત માનશે જ. તમે જે પ્રાપ્ત કરવા માટે આટલી સખત લડાઈ કરી છે તેને પાછું આપવું સરળ નથી, પરંતુ પદ છોડવાનો મારો નિર્ણય પ્રામાણિકતા અને આત્મસન્માન પર આધારિત છે. મને માનસિક ત્રાસ આપ્યો, મને હાનિ પહોંચડવા આયોજકો કોઈ પણ હદે જઈ શકે છે, પૂર્વ સ્પર્ધકોએ પણ ટેકો આપ્યો, મારી વાત સાંભળવા અને મને ટેકો આપવા બદલ આભાર.'' તેના આ વીડિયો પર આ સ્પર્ધાની પૂર્વ સ્પર્ધકોએ પણ રચેલને ટેકો આપ્યો હતો. હવે આ મિસ ગ્રાન્ડ ઈન્ટરનેશનલ સંસ્થાએ રચેલ ગુપ્તાને આ પદ માટે ગેરજવાબદાર ઠેકવીને તેની પછીની રનર અપ રહેલી મિસ ફિલિપાઈન્સને વિજેતા પણ જાહેર કરી દીધી છે.

કિશોર કુમાર ખુશમિજાજ વ્યક્તિ હતા

# કિશોર કુમાર ઘરમાં જ હાડપિંજર અને ખોપરીઓ રાખતા હતા: અમિત



કિશોર કુમાર ખુશમિજાજ વ્યક્તિ હતા. તે લોકો સાથે મજાક કરતો હતો. તેના કેટલાક કાર્યોને કારણે લોકો તેને પાગલ પણ કહેતા હતા. જ્યારે તે આ દુનિયામાં હતો, ત્યારે ઘરમાં ખોપરીઓ રાખવાના સમાચાર પણ હેડલાઈન્સમાં હતા. હવે તેમના પુત્ર અમિત કુમારે એક ઈન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું કે તેમના પિતા ખોપરી ઘરમાં કેમ રાખતા હતા. અમિતે કહ્યું કે લોકો તેને પાગલ માનતા હતા પણ તેના પિતાને કોઈ પરવા નહોતી.દુર્લભ વસ્તુઓ એકત્રિત કરવાનો શોખ હતોઅમિત કુમારે કહ્યું કે તેના ઘરમાં ખોપરી હતી, જોકે તે ડરાવવા માટે નહોતું. તે કહે છે, 'અમે તે અમારી સાથે લાવ્યા હતા.' અમે પૂર્વ આફ્રિકા, નૈરોબીમાં એક શો કરવા ગયા હતા. તેમનો શોખ આવી પ્રાચીન પ્રકારની વસ્તુઓ ભેગી કરવાનો હતો. પાછા ફરતી વખતે અમે બધું જ સાથે લાવ્યા હતા, તે હજુ પણ ટ્રસ્ટ પાસે છે.અમિતે જણાવ્યું કે તેના પિતાને આફ્રિકન સંસ્કૃતિ ખૂબ ગમતી હતી. તેમના સંગીતમાં વૈશ્વિક સંસ્કૃતિ પણ દેખાતી હતી. તેમને એમ પણ પૂછવામાં આવ્યું હતું કે તેમના પિતાની છબી ઘમંડી વ્યક્તિ જેવી બની ગઈ છે. આના પર અમિતે કહ્યું કે તે બધી અફવાઓ હતી. કિશોર કુમાર કહેતા હતા, 'ઠીક છે, દુનિયા મને પાગલ કહે છે, હું પોતે પણ દુનિયાને પાગલ કહું છું, અમિતે જણાવ્યું કે તેના પિતાને આફ્રિકન સંસ્કૃતિ ખૂબ ગમતી હતી, તેમના સંગીતમાં વૈશ્વિક સંસ્કૃતિ પણ દેખાતી હતી તેમને મને પાગલ કહેવા દો, સારું છે.' અમિતે કહ્યું કે તેના પિતા માનતા હતા કે દરેક વ્યક્તિએ એક દિવસ આ હાડપિંજર જેવું બનવું જ પડશે.

# લક્ષ્મણ ઉતેકરની ફિલ્મમાં લીડ રોલ ઓફર થયો હતો



એક સ્ટોરી સંભળાવી છે - તેઓ માને છે કે આ વાર્તા મહારાષ્ટ્રીયન સંસ્કૃતિમાં ઊંડા મૂળ ધરાવે છે

શ્રદ્ધા કપુર વધુ એક વખત મેડોકની ફિલ્મ કરશે એવી ચર્ચા છે. ૨૬ તારીખે શ્રદ્ધા કપૂરે મેડોકની મુંબઈની ઓફિસની બહાર દેખાઈ હતી. તેના પછી તેની આ મુલાકાતના કારણની ચર્ચા શરૂ થઈ હતી. ત્યાર પછી એવા અહેવાલો છે કે શ્રદ્ધા કપૂર એક મીટિંગ માટે મેડોકની ઓફિસ પહોંચી હતી. જ્યાં તે દિનેશ વિજાન અને લક્ષ્મણ ઉટેકરને મળી હતી. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ''લક્ષ્મણ અને શ્રદ્ધા એક સ્ક્રિપ્ટ પર ચર્ચા કરવા મળ્યા હતા. જે શ્રદ્ધાને ગમી છે અને તે મૌખિક રીતે તો આ ફિલ્મ માટે સહમત પણ થઈ છે. જો બધું જ સમું સુતરું રહે તો લક્ષ્મણ ઉટેકરની આગામી ફિલ્મમાં શ્રદ્ધા લીડ રોલમાં જોવા મળશે.'' એવા પણ અહેવાલો છે કે આ ફિલ્મ એક મરાઠી નોવેલ પર આધારીત છે, જેમાં શ્રદ્ધા મોટા પડદે એક મહારાષ્ટ્રિયન સ્ત્રીના રોલમાં જોવા મળશે. સુત્રએ જણાવ્યું, ''જોકે, આ અંગે હજુ કોઈ પણ માહિતિ જાહેર કરવામાં આવી નથી. એવી પણ શક્યતા છે કે આ ફિલ્મમાં એક મોટો હિરો લીડ રોલમાં હશે.''જોકે, હાલ આ ચર્ચાઓ પ્રાથમિક તબક્કામાં છે, પરંતુ શ્રદ્ધા આ ફિલ્મ કરે તેવી પુરી શક્યતા છે કારણ કે શ્રદ્ધાનો પણ મેડોકની ટીમ સાથે ઘણો સારો સંબંધ છે. સૂત્રએ જણાવ્યું, ''દિનેશ વિજાન હાલ જાણે સપનામાં જીવતા હોય એટલી ખુશીના માહોલમાં છે.

# સુવાલી બીચ ખાતે GPCB અને AM/NS કંપની દ્વારા આયોજિત 'બીચ ક્લિનીંગ ડ્રાઇવ'માં વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ જોડાયા

## દરેક નાગરિકે વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ કલાક સ્વચ્છતા સેવા માટે અર્પિત કરવા જોઈએઃ વન,પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ







। (માહિતી) અમદાવાદ, તા.૩૧ । વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં ચોર્યાસી તાલુકાના સુવાલી બીચ ખાતે GPCB (ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) અને AM/NS કંપની દ્વારા આયોજિત 'બીચ ક્લિનીંગ ડ્રાઈવ'માં વન, પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ જોડાયા હતા. સુંવાલી દરિયાકિનારે AM/NS અને GPCBના અધિકારી-કર્મચારી, સ્વયંસેવકો તેમજ સ્થાનિક ગ્રામજનોએ સાથે મળીને બીચ પરનો કચરો, પ્લાસ્ટીક વેસ્ટ એકત્ર કરી નિકાલ કર્યો હતો. આ પ્રસંગે વન અને પર્યાવરણમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, હજારોની સંખ્યામાં સહેલાણીઓ સુવાલ બીચની મુલાકાત લે છે, ત્યારે આવા રમણીય સ્થળે લોકોમાં સ્વચ્છતા માટે જાગૃતિ ફેલાવવાનું કામ કરવું અતિ આવશ્યક છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા સ્વચ્છતા અભિયાનને કરોડો દેશવાસીઓએ લોકચળવળનું સ્વરૂપ આપી દીધું છે. દરેક નાગરિકે વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ કલાક સ્વચ્છતાની સેવા માટે અર્પિત કરવા જોઈએ એમ ભારપૂર્વક જણાવી તેમણે ઉમેર્યું કે, જાહેર સ્થળોએ પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવા માટે લોકોમાં જાગૃતિ આવે એ જરૂરી બની છે. સરકારના પ્રયાસોમાં આમનાગરિકો પણ જોડાશે તો રાજ્ય અને સમગ્ર ભારતને સંપૂર્ણ સ્વચ્છ બનાવવાનું લક્ષ્ય સરળતાથી પ્રાપ્ત કરી શકાશે. આ પ્રસંગે GPCBના પ્રાદેશિક અધિકારી જિજ્ઞાસા ઓઝા, GPCB અને AM/NS ના અધિકારી-કર્મચારીઓ, સ્વયંસેવકો તેમજ સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ-સ્કોર્ડ દ્વારા બોટાદ તાલુકાનાં ભાંભણ ગામની શાળાની આજુબાજુનાં વિસ્તારમાં આકસ્મિક ચેકિંગ અને રેડની કામગીરી કરવામાં આવી



। (માહિતી) બોટાદ, તા.૩૧ । રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કલેકટરશ્રી ડૉ. જીન્સી રોય અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુડાનીયાના અધ્યક્ષતા અને માર્ગદર્શન તળે આરોગ્ય વિભાગનાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.બી.એ. ધોળકિયા અને એપેડેમીક મેડીકલ ઓફિસર શ્રી ડૉ.આર.આર.ચૌહાણ દ્વારા બોટાદ જિલ્લામાં તમાકુ કે તમાકુની બનાવટનું બિન અધિકૃત રીતે વેચાણ અને આનુસંગિક નિયમન માટે ટાસ્ક ફોર્સ સેલ કામગીરી કરી રહ્યું છે. જે અંતર્ગત તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. જયદિપ કણજરીયા દ્વારા બોટાદ તાલુકામાં આ અંગે સઘન અમલીકરણ કરવામાં આવે છે. જેમાં તમાકુ વિરોધી કાયદો "સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ" (કોટપા-૨૦૦૩)નું સઘન અમલીકરણ થાય તે હેતુથી ટાસ્ક ફોર્સ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ /રેડ ની કામગીરી બોટાદ તાલુકાના ભાંભણ ગામે હાથ ધરવામાં આવી હતી. જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વેચતાં નાના-મોટા વેપારીઓ,પાન-ગલ્લા પાર્લર વગેરે ૧૨ સ્થળો પર આકસ્મિક ચેકિંગ હાથ ધરી ૦૯ જેટલા દુકાન ધારકો પાસેથી રૂપિયા ૯૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. આ રેડમાં પ્રા.આ. કેન્દ્રનાં મેડીકલ ઓફિસર શ્રી ડો. આશિષ વેદાણી, સુપરવાઈઝર શ્રી જયેશ ચૌહાણ અને પોલીસ વિભાગનાં શ્રી સંજયભાઈ મેર, અને પરબતસિંહ પરમાર દ્વારા આ કામગીરી ખુબ જ ચોકસાઈ પૂર્વક કરવામાં આવી હતી.

# રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬.૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ઇ઼ઇનો લાભ લીધો

। (માહિતી) ગાંધીનગર, તા.૩૧ । વિકસિત રાષ્ટ્ર નિર્માણ ત્યારે જ શક્ય બનશે, જ્યારે રાજ્યનો પ્રત્યેક બાળક શિક્ષિત હશે. શિક્ષિત રાજ્ય થકી જ વિકસિત ભારતની વિભાવના સાર્થક થઈ શકે છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી તેમજ ગુણોત્સવ જેવા શિક્ષણલક્ષી કાર્યક્રમો થકી રાજ્યને વધુ શિક્ષિત બનવવાનો યજ્ઞ આરંભ્યો હતો. તેના પરિણામ સ્વરૂપે આજે ગુજરાતમાં વર્ષ-૨૦૧૩થી શરૂ કરાયેલા 'રાઈટ ટુ એજ્યુકેશન' –RTE એક્ટ હેઠળ અત્યાર સુધીમાં એટલે કે, વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજિત ૬.૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. જે અંતર્ગત રાજ્ય સરકારે વિદ્યાર્થીઓની ઈજ્જ્વળ કારકિર્દી માટે રૂ.૩૮૦૦ કરોડથી વધુનો ખર્ચ કરીને જરૂરીયાતમંદ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

# અમદાવાદ શહેરમાં રેશનકાર્ડ ધારકો હજુ પણ e-KYC કરાવી શકશે

। (માહિતી) અમદાવાદ, તા.૩૧ । અમદાવાદ શહેરમાં રેશનકાર્ડ ધારકો ઘર બેઠા 'MY Ration' મોબાઈલ એપ્લિકેશનથી, પુરવઠા ઝોનલ કચેરી, સરકાર માન્ય વાજબી ભાવની દુકાન તથા કલસ્ટર વિસ્તારમાં યોજાતા વિવિધ કેમ્પ, નાઈટ કેમ્પ અને હાઉસ ટુ હાઉસ કેમ્પમાં તથા પોસ્ટ ઓફીસ ખાતે e-KYC કરાવી શકશે.

રેશનકાર્ડમાં નામ ધરાવતા તમામ નાગરિકોનું e-KYC કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે NFSA રેશનકાર્ડ ધારકોએ e-KYC કરાવેલ છે તેમને અનાજનો જથ્થો વિતરણ કરવામાં આવે જ છે. જે NFSA રેશનકાર્ડ ધારકોને e-KYC કરાવવાનું બાકી છે તે e-KYC કરાવી લેશે પછી તેમને જથ્થો આપવામાં આવશે, એમ અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, અમદાવાદ શહેરની અખબારી યાદીમાં જણાવાયું છે. પુરવઠા વહીવટી તંત્રની જે રેશનકાર્ડ ધારકોનું e-KYC બાકી છે તેમને e-KYC કરાવી લેવાં અખબારી યાદીમાં અપીલ કરવામાં આવી છે.

# વડોદરા ગ્રામ્ય પોલીસની નવી પહેલ

## નવા ફોજદારી કાયદા પર ચિત્ર, ઓડિયો અને વિડિયો સ્પર્ધા, વિજેતાઓને ૨૦ હજાર સુધીનું ઇનામ

। (માહિતી) વડોદરા, તા.૩૧ । વડોદરા ગ્રામ્ય જિલ્લા પોલીસની સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. ભારત સરકારના ત્રણ નવા ફોજદારી કાયદા અંતર્ગત એક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાયદાઓમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ અને ભારતીય સાખ્ય અધિનિયમ-૨૦૨૩નો સમાવેશ થાય છે. સ્પર્ધા ૧ જૂનથી ૧૫ જૂન ૨૦૨૫ સુધી ચાલશે. આ સ્પર્ધામાં વડોદરા જિલ્લાના નાગરિકો ચિત્ર, ઓડિયો અને વિડિયો કેટેગરીમાં ભાગ લઈ શકે છે. સ્પર્ધકોએ પોતાની એન્ટ્રી surakshasetuvad@gmail.com પર મોકલવાની રહેશે. દરેક એન્ટ્રી સાથે નામ, સરનામું અને મોબાઈલ નંબર આપવો જરૂરી છે.

વિજેતાઓ માટે આકર્ષક ઈનામોની જાહેરાત કરવામાં આવી છે. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ વિજેતાને ૫,૦૦૦, બીજા વિજેતાને ૩,૦૦૦ અને ત્રીજા વિજેતાને ૨,૦૦૦ રૂપિયાનું ઈનામ મળશે. ઓડિયો સ્પર્ધામાં અનુક્રમે ૧૫,૦૦૦, ૧૦,૦૦૦ અને ૫,૦૦૦ રૂપિયાના ઈનામો છે. વિડિયો સ્પર્ધામાં સૌથી મોટી રકમના ઈનામો જાહેર કરાયા છે, જેમાં પ્રથમ વિજેતાને ૨૦,૦૦૦, બીજા વિજેતાને ૧૫,૦૦૦ અને ત્રીજા વિજેતાને ૧૦,૦૦૦ રૂપિયા મળશે.

સ્પર્ધાનું પરિણામ ૨૦ જૂન ૨૦૨૫ના રોજ મીડિયા દ્વારા જાહેર કરવામાં આવશે. કમિટી દ્વારા લેવાયેલ નિર્ણય અંતિમ ગણાશે. વધુ માહિતી માટે ૮૦૮૮૮૮૩૮૧૫ પર સંપર્ક કરી શકાય છે.

# ડભોઇ ખાતે યોજાયેલા ભરતી મેળામાં સો યુવાનોની પ્રાથમિક પસંદગી



। (માહિતી) વડોદરા, તા.૩૧ । મોડલ કરિયર સેન્ટર અને મદદનીશ નિયામક (રોજગાર) કચેરી વડોદરા તથા સમસ્ત આદિવાસી સમાજ, ડભોઈના સંયુક્ત ઉપક્રમે ડભોઈ ખાતે "સતરગામ પટેલ સમાજની વાડી, યમુનાનગર" ખાતે રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજાઈ હતી.

આ કાર્યક્રમમાં વડોદરા જિલ્લાની લગભગ ૧૫ ઔદ્યોગીક સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો અને કુલ ૫૦૦થી વધુ ટેકનિકલ તેમજ નોન ટેકનિકલ જગ્યાઓ માટે ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા. ખાસ કરીને દિવ્યાંગ ઉમેદવારો માટે ૩૦ જેટલી જગ્યાઓ ઉપલબ્ધ રાખવામાં આવી હતી અને ૨ નોકરીદાતા કંપનીઓ તેમને ધ્યાનમાં રાખી હાજર રહી હતી. આ ભરતી મેળામાં શંકર પેકેજીંગ (વાઘોડિયા), બાંકો એલ્યુમિનિયમ (ભાયલી), વોલ્ટાસ (વાઘોડિયા), રોકમેન ઈન્ડસ્ટ્રીઝ, પી.જી.પી. ગ્રુપ, કોસમા ગ્લાસ લિ., ઈનોવેટીવ કુઝીન પ્રા.લિ., એપોલો ટાયર્સ લિ. જેવી મેન્યુફેક્ચરિંગ કંપનીઓ તેમજ બંસલ સુપરમાર્ટ, સ્વીગી લિ. જેવી સર્વિસ સેક્ટરની પ્રતિષ્ઠિત કંપનીઓએ ઉપસ્થિતિ નોંધાવી હતી.

# સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા અને ગુજરાત સરકારના રાજ્ય વેરા વિભાગ વચ્ચે સમજૂતીપત્ર (MoU) પર હસ્તાક્ષર

## MoU અંતર્ગત રાજ્ય વેરા વિભાગના કર્મયોગીઓના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં પગાર ખાતા પર વિશેષ બેંકિંગ સુવિધાઓ અને નાણાકીય લાભો મળશે



। (માહિતી) અમદાવાદ, તા.૩૧ । ગુજરાત રાજ્ય વેરા વિભાગ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) વચ્ચે રાજ્ય કર ભવન ખાતે એક મહત્વપૂર્ણ સમજૂતીપત્ર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતાં.

આ સમજૂતીપત્ર હેઠળ રાજ્ય વેરા વિભાગના કર્મયોગીઓના પગાર ખાતા જો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ખોલવામાં આવશે તો બેંક તરફથી વિશેષ બેંકિંગ સુવિધાઓ અને નાણાકીય લાભો ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ પગલાંથી ન માત્ર કર્મચારીઓને આધુનિક અને ઝડપી બેંકિંગ સુવિધાઓ મળશે, પણ રાજ્ય વેરા વિભાગ તથા એસબીઆઈ વચ્ચેનો સહયોગ વધુ મજબૂત બનશે.

આ સમારંભમાં રાજ્ય વેરા કમિશનરશ્રી રાજીવ ટોપનો, રાજ્ય વેરા વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ એસબીઆઈના સી.જી.એમ બી.કે.સિંઘસામંતા અને વરિષ્ઠ અધિકારીઓની વિશિષ્ટ ઉપસ્થિતિ રહી હતી. બંને સંસ્થાઓએ ભવિષ્યમાં પણ પરસ્પર સહયોગના નવા આયામો શોધવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ અંતર્ગત આગળની કાર્યવાહી માટે, ખાતાનાં અધિકારીઓ અને કર્મચારીઓ માટે રાજ્યની મુખ્ય કચેરીઓમાં બેંક દ્વારા વિશેષ કેમ્પ કે એવી અન્ય સુવિધાનું આયોજન કરવામાં આવશે.

# પીએમ સ્વનિધિ યોજનાના ૫ વર્ષઃ ગુજરાત અમલીકરણમાં અગ્રેસર, ૨૦૨૪માં ૪.૭૯ લાખ વિક્રેતાઓને સશક્ત બનાવ્યા

## નવેમ્બર ૨૦૨૪માં ૫.૨૦ લાખના સંશોધિત લક્ષ્યાંકના ૯૨.૧૪% હાંસલ કરીને ગુજરાત રાષ્ટ્રીય સ્તરે ચોથા ક્રમે રહ્યું



। (માહિતી) અમદાવાદ, તા.૩૧ । ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયની મહત્વની પહેલ- પીએમ સ્વનિધિ યોજનાના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર રાજ્ય બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ શરૂ કરવામાં આવેલી આ યોજનાનો ઉદ્દેશ શેરી વિક્રેતાઓને સશક્ત બનાવવાનો અને તેમને પરંપરાગત નાણાંકીય વ્યવસ્થામાં એકીકૃત કરવાનો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર આ યોજના હેઠળ રાજ્યના શહેરી વિસ્તારોમાં વિક્રેતાઓ માટે લોન વિતરણ સરળ બને, તેઓ ડિજિટલ માધ્યમ સાથે જોડાય અને તેમને નિયમિત સહાય મળે એ સુનિશ્ચિત કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા દેશભરના શેરી વિક્રેતાઓ અને નાના વ્યવસાયોને સશક્ત બનાવવા માટે ૧ જૂન, ૨૦૨૦ના રોજ પીએમ સ્વનિધિ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. જૂન ૨૦૨૫માં આ યોજનાને પાંચ વર્ષ પૂર્ણ થશે. આ પાંચ વર્ષ દરમિયાન ગુજરાતે શેરી વિક્રેતાઓના સશક્તિકરણ અને સમાવિષ્ટ આર્થિક વિકાસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### ગુજરાતમાં કુલ ૪,૭૯,૧૪૧ શેરી વિક્રેતાઓએ મેળવ્યો પીએમ સ્વનિધિ યોજનાનો લાભ

પીએમ સ્વનિધિ યોજનાના અમલીકરણમાં ગુજરાતનું પ્રદર્શન નોંધપાત્ર રહ્યું છે. રાજ્યએ જુલાઈ ૨૦૨૩માં ૩ લાખ લોનનો પ્રથમ લક્ષ્યાંક હાંસલ કર્યા બાદ ઑક્ટોબર ૨૦૨૪માં ૪ લાખ લોનનો બીજો લક્ષ્યાંક પાર કરીને આ ઉત્કૃષ્ટ પ્રયાસો માટે રાષ્ટ્રીય સ્તરે બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ગુજરાતની અસાધારણ પ્રગતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે નવેમ્બર ૨૦૨૪માં લોનનો લક્ષ્યાંક વધારીને ૫.૨૦ લાખ કર્યો હતો. નોંધનીય બાબત એ છે કે, ગુજરાત આ સંશોધિત લક્ષ્યના ૯૨.૧૪% હાંસલ કરી ચૂક્યું છે અને આ બાબતમાં તે ચોથા ક્રમે છે. અત્યારસુધીમાં, કુલ ૪,૭૯,૧૪૧ શેરી વિક્રેતાઓએ કાર્યકારી મૂડી લોન અને જરૂરી માર્ગદર્શન દ્વારા આ યોજનાનો લાભ મેળવ્યો છે, જેથી તેમની આજીવિકાની સાથે આર્થિક સ્થિરતામાં પણ વધારો થયો છે. આ નાણાંકીય સમાવેશ અને શેરી વિક્રેતાઓને સશક્ત બનાવવાની તેની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

### લોન વિતરણથી વિક્રેતાઓ સશક્ત બન્યા, નાના પાયાના વ્યવસાયોમાં વૃદ્ધિ થઈ

ભારત સરકારે ૧૦૦% કેન્દ્રીય હિસ્સાની જોગવાઈ હેઠળ ગુજરાતને વ્યાજ સબસિડીમાં રૂા. ૩૦.૪૭ કરોડની સહાય આપીને આ યોજના માટે સંપૂર્ણ ભંડોળ પૂરું પાડ્યું છે. આ નાણાંકીય સહાયથી વિક્રેતાઓ પર ચૂકવણીનો બોજ હળવો થયો છે, જેના કારણે વધુ લોકો આ કાર્યક્રમમાં જોડાયા છે. ગુજરાતમાં ૪.૭૯ લાખથી વધુ વિક્રેતાઓને લોનનો પ્રથમ હપ્તો, ૧.૭૧ લાખને બીજો હપ્તો અને ૪૨,૧૭૬ વિક્રેતાઓને ત્રીજો હપ્તો મળ્યો છે. આ આંકડા નાના પાયાના વ્યવસાયો અને સ્વરોજગારીમાં સતત વૃદ્ધિ દર્શાવે છે. ગુજરાત સરકારે શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, લક્ષિત વિતરણ શિબિરો, ડિજિટલ સાક્ષરતા કાર્યક્રમોનું આયોજન કર્યું છે અને તમામ શેરી વિક્રેતાઓ માટે સમયસર લોન વિતરણ અને નાણાંકીય સમાવેશ સુનિશ્ચિત કરવા માટે નાણાંકીય સંસ્થાઓ સાથે સહયોગ કર્યો છે.

### શેરી વિક્રેતાઓ માટે ડિજિટલ અને નાણાંકીય સમાવેશને પ્રોત્સાહન આપી રહ્યું છે ગુજરાત

ગુજરાતે પીએમ સ્વનિધિ યોજના હેઠળ શેરી વિક્રેતાઓ માટે ડિજિટલ સમાવેશ અને નાણાંકીય સાક્ષરતા પર ભાર મૂક્યો છે. રાજ્ય નિયમિતપણે ડિજિટલ સાક્ષરતા શિબિરોનું આયોજન કરે છે, વિક્રેતાઓને રિઅલ-ટાઈમ ચૂકવણી પ્રણાલીઓથી પરિચિત કરાવવા માટે નાના વ્યવહારોનો ઉપયોગ કરે છે, અને વ્યાપક ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે વિતરણ શિબિરોનું આયોજન કરે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. તમે પૂરૂં કરી શકો છો એની પૂરી ખાતરી થયા બાદ જ કોઈ પણ વચન આપજો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દ્રઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. આજે તમને કોઈ અજાણ્યા સ્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહ્યા છો.

**કર્ક (ડ,હ) :**
આજે અંગત જીવન ઉપરાંત તમારી જાતને કોઈક સખાવતી કાર્ય સાથે સાંકળો. એ તમને માનસિક શાંતિ આપશે પણ, આવું અંગત જીવનના ભોગે ન કરતા. તમારે બંને બાબતો પર એકસરખું ધ્યાન આપવું રહ્યું. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો. આજે તમે જો થોડો પ્રેમ વહેંચશો તો, તમારૂં પ્રિયપાત્ર તમારી માટે દેવદૂત બની જશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? ઘરમાં કોઈક વિધી કરાવશો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો.

**તુલા (ર,ત) :**
આજે સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે. અટકી પડેલા પ્રકલ્પો તથા યોજનાઓ અંતિમ સ્વરૂપ લેવા આગળ વધશે. જેઓ આજ સુધી કેટલાક કામ માં વ્યસ્ત હતા તેઓ ને પોતાને માટે સમય મળી શકે છે પરંતુ ઘરે પાછા આવતા કોઈપણ કામ ને કારણે તમે ફરી થી વ્યસ્ત થઈ શકો છો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**મકર (ખ,જ) :**
આજે તમને કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.



મધ્યપ્રદેશના ભોપાલ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકમાતા દેવી અહિલ્યા બાઈ હોલકરની ૩૦૦મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત મહિલા સશક્તિકરણ મહાસંમેલન કાર્યક્રમમાં બહુવિધ વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને સમર્પણ કર્યું.

### ભારત સાથેની તંગદિલી વચ્ચે રશિયાએ પડોશી દેશ સાથે મોટી ડીલ કરી

# પાક. સાથે રશિયાનો સ્ટીલ પ્રોજેક્ટ માટે રૂપિયા ૨૨,૦૦૦ કરોડનો કરાર

## રશિયા-પાક.ની વચ્ચે આ સમજૂતી કરાચીમાં બંધ પડેલા સ્ટીલ પ્લાન્ટને ફરીથી ઊભો કરવા માટે છે

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૩૧ ।

ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવની વચ્ચે રશિયાએ પાકિસ્તાનની સાથે એક મહત્વપૂર્ણ આર્થિક સમજૂતી કરી છે. આ અંદાજિત ૨.૬ બિલિયન ડોલર (અંદાજે રૂપિયા ૨૨૦૦૦ કરોડ)ની ડીલ અંતર્ગત કરાંચીમાં એક આધુનિક સ્ટીલ પ્લાન્ટનું નિર્માણ થશે. આ સમજૂતી દ્વારા ૨૦૧૫થી બંધ પડેલા સોવિયત યુનિયન-નિર્મિત પાકિસ્તાન સ્ટીલ મિલ્સ(પીએસએમ)ને ફરીથી



ઊભો કરવામાં આવશે. રશિયા દ્વારા પાક. સાથેના આ પ્રોજેક્ટ-ના અહેવાલને ફગાવી દેવામાં આવ્યા હતા. રશિયા-પાકિસ્તાનની વચ્ચે આ સમજૂતી કરાચીમાં બંધ પડેલા સ્ટીલ પ્લાન્ટને ફરીથી ઊભો કરવા માટે છે. આ પ્લાન્ટને ૧૯૭૦ના દાયકામાં સોવિયત યુનિયનની મદદથી સ્થાપિત કરાયો હતો. આ પ્લાન્ટ ૧૯૯૨ સુધી ચાલુ રહ્યો હતો. પરંતુ આર્થિક અને ટેકનોલોજી સંબંધિત કારણોને લીધે છેવટે ૨૦૧૫માં પ્લાન્ટને બંધ કરવામાં આવ્યો હતો. નવી સમજૂતી અંતર્ગત, રશિયા સ્ટીલ બનાવવા માટેની સૌથી એડવાન્સ ટેકનોલોજી વાળા મશીનો પાકિસ્તાનન આપશે, જેનાથી પાકિસ્તાનની સ્ટીલ આયાત પરની નિર્ભરતામાં ૩૦ ટકાનો ઘટાડો થવાની આશા છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય પાકિસ્તાનને ૧૧.૨ મિલિયન મેટ્રિક ટન સ્ટીલ ખપતના અંતરને ઓછું કરવાનો છે, આ માટે પાકિસ્તાનને પ્રતિ વર્ષ ૨.૬ બિલિયન ડોલરની આયાત કરવી પડે છે. માર્ચ ૨૦૨૫માં જ આયાત કરાયેલા સ્ક્રેપ અને અર્ધ-તૈયાર ઉત્પાદોનો ખર્ચ ૩૨૪ મિલિયન ડોલર હતો.

### કેનેડાએ હંગામી વિદેશી કર્મચારીઓ માટેની નીતિ હળવી બનાવી

# કેનેડામાં નવી વર્ક પરમિટની રાહ જોયા વગર નોકરી બદલી શકાશે

### આ નવી પોલિસી શ્રમિકોને સરળ અને સમયસર નોકરી બદલવાનો વિકલ્પ ઉપલબ્ધ બનાવે છે

। (એજન્સી) ઓન્ટારિયો, તા.૩૧ ।

કેનેડાની નવી સરકારે દેશના અર્થતંત્રમાં વિદેશી શ્રમિકો અને કર્મચારીઓની ભૂમિકા મહત્વની હોવાનું સ્વીકાર્યું છે. દેશમાં રહેતાં વિદેશી હંગામી કર્મચારીઓની કુશળતાનો બહેતર ઉપયોગ કરવા માટે કેનેડાની સરકારે નવી ટેમ્પરરી પબ્લિક પોલિસીની જાહેરાત કરી છે. આ નવી નીતિ અંતર્ગત ભારત સહિતના વિદેશી નાગરિકો તેમની નવી વર્ક પરમિટ અરજીની પ્રક્રિયા પૂરી થાય તે પહેલાં જ નોકરી બદલી શકશે.

આ અગાઉ વિદેશી કર્મચારીઓ કે શ્રમિકોએ નવી વર્ક પરમિટની રાહ જોવાની સાથે સાથે જ કંપની કે વ્યવસાય બદલવા માટે લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હતું અને તેમાં ઘણો સમય નીકળી જતો હતો. વધુ લાંબો સમય સુધી રાહ જોવાને કારણે શ્રમિકોને આર્થિક અનિશ્ચિતતાનો સામનો કરવો પડતો હતો. જ્યારે બીજી તરફ કુશળ શ્રમિકોના અભાવે તાત્કાલિક ભરતી કરવા ઈચ્છતી કેનેડિયન કંપનીઓની કામગીરી પર માઠી અસર પડે છે. આ નવા નિયમને કારણે હાલમાં કેનેડામાં રહેતા અને ટેમ્પરરી ફોરેન વર્કર



(TFW) પ્રોગ્રામ કે ઈન્ટરનેશલ મોબિલિટી પ્રોગ્રામ હેઠળ જોબ ઓફર ધરાવતાં વિદેશી શ્રમિકો ઝડપથી તેમની નોકરી કે વ્યવસાય બદલી શકશે. કેનેડાની ઈમિગ્રેશન અંગેની વેબસાઈટ ઈમિગ્રેશન, રિફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC)ના જણાવ્યાં અનુસાર, અહીં રહેતાં હંગામી વિદેશી શ્રમિકોની કુશળતા અને તાલીમનો બહેતર ઉપયોગ કરવો જરૂરી છે.

આ નવી પોલિસી શ્રમિકોને સરળ અને સમયસર નોકરી બદલવાનો વિકલ્પ ઉપલબ્ધ બનાવે છે.એક કન્સલ્ટન્ટના જણાવ્યાં અનુસાર, IRCCની ટેમ્પરરી પબ્લિક પોલિસીને પગલે ભારત સહિતના હંગામી વિદેશી શ્રમિકો તેમની નવી વર્ક પરમિટની અરજી પ્રક્રિયા હેઠળ હોવા છતાં તેમની નોકરી બદલી શકશે. આ બાબત ક્લોઝ્ડ વર્ક પરમિટ ધરાવતાં લોકોને લાગુ પડશે.

### સુરક્ષાકર્મીઓ લાચાર!

## બલૂચ લિબરેશન આર્મીએ પાકિસ્તાનના સુરાબ શહેર પર કબજો કર્યાનો દાવો

। (એજન્સી) લાહોર, તા.૩૧ ।

હાલ પાકિસ્તાન ત્રણ મોરચે હુમલાઓનો સામનો કરી રહ્યું છે. એક તરફ તે ભારત અને અફઘાનિસ્તાનથી હારનો સામનો કરી રહ્યું છે, તો બીજી તરફ બલુચિસ્તાન આર્મીના બળવાનો સામનો કરી રહ્યું છે. આ દરમિયાન, એવા સમાચાર છે કે પાકિસ્તાને તેનું એક શહેર ગુમાવ્યું છે. BLA એ સુરાબ શહેરનો કબજો મેળવી લીધો છે.ધ બલુચિસ્તાન પોસ્ટે અહેવાલ આપ્યો છે કે સ્થાનિક સૂત્રો અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, સેંકડો સશસ્ત્ર લડવૈયાઓએ સુરાબ પર હુમલો કર્યો અને પોલીસ સ્ટેશન, બેન્ક અને અનેક સરકારી કચેરીઓ પર કબજો કર્યો. તેમણે અહીં હાજર સુરક્ષા કર્મચારીઓ પાસેથી હથિયારો છીનવી લીધા. આ સાથે, એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે સશસ્ત્ર બલુચ લડવૈયાઓએ ઘણા અધિકારીઓને પણ પોતાની કસ્ટડીમાં લીધા છે.તેમજ હુમલા દરમિયાન, બલૂચ લડવૈયાઓએ ઘણા સરકારી વાહનોને આગ ચાંપી દીધી છે. આ સાથે, તેમણે ક્વેટા-કરાચી રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને સુરાબ-ગિદ્દર સહિતના મુખ્ય રસ્તાઓ પર પોતાનો કબજો જમાવી લીધો છે. આ કારણે, આ સ્થળનો લોકોથી સંપર્ક કપાઈ ગયો છે.તાજેતરના વર્ષોમાં, બલુચિસ્તાનમાં આવા હુમલાઓમાં વધારો થયો છે. બલુચિસ્તાનને પાકિસ્તાનથી અલગ સ્વતંત્ર રાષ્ટ્ર જાહેર કરવા માટે બલુચિસ્તાન સ્વતંત્રતા ચળવળની પકડ મજબૂત થઈ રહી છે. આ પરિસ્થિતિ દર્શાવે છે કે બલુચિસ્તાનમાં પાકિસ્તાનની રણનીતિ અસરકારક સાબિત થઈ રહી નથી. તેનાથી વિપરીત, સ્વતંત્રતા ચળવળ વધુ સક્રિય બની છે. તાજેતરમાં, BLA એ બલુચિસ્તાનમાં આવા ઘણા હુમલા કર્યા છે જેમાં ફક્ત પાકિસ્તાની સેનાને જ નિશાન બનાવવામાં આવી છે.

## પૈસા ન ગણી શક્યો એટલે વરવધૂએ લગ્નની ના પાડી દીધી

। (એજન્સી) બિહાર, તા.૩૧ ।

બિહારના મોતીહારીમાંથી એક અજીબો ગરીબ ઘટના સામે આવી છે. મોતીહારીના એક ગામમાં જાન લઈને આવેલા વરરાજા અને જાનૈયાઓને બંધક બનાવવામાં આવ્યા હતા. હકીકતમાં જ્યારે માળા વિધી પૂરી થયા પછી કન્યાએ માત્ર એટલા માટે લગ્ન કરવાની ના પાડી દીધી, કારણ કે તેને ખબર પડી કે છોકરો (વરરાજા) સંપૂર્ણપણે અભણ છે અને પૈસા પણ ગણી શકતો નથી. એ પછી બંને પક્ષો વચ્ચે ખૂબ તણાવ વધી ગયો હતો. દલીલ વધતાં મામલો એટલો બગડ્યો કે ગામલોકોએ આખીરાત વરરાજા પક્ષને બંધક બનાવી રાખ્યો. બીજા દિવસે પોલીસની દરમિયાનગીરી બાદ વરરાજા અને જાનૈયાઓને મુક્ત કરાયા હતા. ત્યાર બાદ જાનૈયાઓએ રાહતનો શ્વાસ લીધો હતો. હકીકતમાં બુધવારે રાત્રે પતાહી પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં એક વિચિત્ર પરિસ્થિતિ પેદા થઈ હતી. જ્યારે વરમાળા વિધી બાદ કન્યાએ લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો. મામલો એટલો ગરમાયો કે ગામલોકોએ વરરાજા અને તેના પરિવારના સભ્યોને ઘરમાં જ બંધક બનાવી દીધા. એ બાદ માહિતી મળતાં ગુરુવારે પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને વરરાજા અને તેના પરિવારના સભ્યોને મુક્ત કરાવીને મામલો શાંત પાડ્યો હતો.

### ન્યૂઝ બ્રિફ

## પાણીનો હથિયારની જેમ ઉપયોગ નહીં કરવા દઈએઃ શેહબાઝ શરીફ



। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૩૧ ।

પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફ ભારત સાથે વાતચીત કરવા હવે આંતરરાષ્ટ્રીય મંચનો સહારો લેવો પડ્યો છે. ભારતે ઈસ્લામાબાદને આતંકવાદ વિરુદ્ધ કાર્યવાહી ના કરે ત્યાં સુધી વાતચીતની કોઈ સંભાવના નહીં હોવાનું રોકડું પરખાવ્યા બાદ શરીફે ભારત દ્વારા સિંધુ જળ સંધિ સ્થગિત કરવાના મુદ્દે વધુ એક વખત બળાપો ઠાલવ્યો છે. શરીફે તાજિકિસ્તાનના પાટનગર દુશાનબે ખાતે ગ્લેસિયર્સની જાળવણી અંગેની ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધતા જણાવ્યું કે, પાકિસ્તાન ભારતને સિંધુ જળ સંધિ સ્થગિત રાખીને સંકુચિત રાજકીય લાભ હેતુ લાખો લોકોના જીવ જોખમમાં મુકીને હદ વટાવવા નહીં દે. ગાઝામાં પારંપરિક હથિયારોના ઉપયોગ થકી કરાયેલા ઘા હજુ તાજા છે ત્યારે અમે પાણીનો હથિયારની જેમ ઉપયોગ નહીં કરવા દઈએ.આ પરિષદમાં સંયુક્ત રાષ્ટ્રના ૮૦ સભ્ય રાજ્યોના ૨,૫૦૦ જેટલા પ્રતિનિધિઓ તથા ૭૦ આંતરરાષ્ટ્રીય આયોજકો ઉપસ્થિત હતા. ૨૨ એપ્રિલે પહેલગામ હુમલા બાદ પાક. વિરુદ્ધ ભારતે હાથ ધરેલી કાર્યવાહી હેઠળ સિંધુ જળ સંધિને સ્થગિત કરી હતી.

## રશિયા સાથે વાટાઘાટો ફરી શરૂ કરવા યુક્રેને શરતી તૈયારી દર્શાવી

। (એજન્સી) કિવ, તા.૩૧ ।

સોમવારે તૂર્કીયેના પાટનગર ઈસ્તંબૂલ ખાતે યુક્રેને રશિયા સાથે ફરી વાટાઘાટો શરૂ કરવા માટે તૈયારી દર્શાવી છે. રશિયાએ આ બેઠક અંગે પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ યુક્રેન તરફથી જવાબ નહીં મળતા અનિશ્ચિતતા સર્જાઈ હતી. યુક્રેને આ વાટાઘાટોમાં ભાગ લેવા માટે શરતી ત્પરતા દર્શાવતી વખતે રશિયા તરફથી મેમોરેન્ડમ રજૂ થાય તેવી માગણી કરી છે. પ્રમુખ ઝેલેન્સ્કીના ટોચના એડવાઈઝર્સે જણાવ્યું હતું કે, બંને પક્ષના પ્રતિનિધિમંડળ વાટાઘાટો શરૂ કરે તે પહેલાં રશિયાએ મેમોરેન્ડમ આપવું પડશે. ઝેલેન્સ્કીના એડવાઈઝર એન્ડ્રી યેરમેકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આગામી બેઠકમાં ભાગ લેવા યુક્રેન તૈયાર છે, પરંતુ તેમાં સર્જનાત્મક મંત્રણા થવી જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો રશિયાએ ડ્રાફ્ટ આપવો પડશે. દસ્તાવેજો મોકલવા અને તૈયાર કરવા માટે ચાર દિવસનો સમય પૂરતો છે. ઉલ્લેખનીય છે કે, યુદ્ધને લંબાવવા માટે રશિયા તરફથી પેંતરા રચાતા હોવાના આરોપ યુક્રેન તથા સાથી યુરોપિયન દેશોએ ઘણી વાર લગાવ્યા છે. વાટાઘાટોની આડમાં યુક્રેનનો વિસ્તાર પચાવી પાડવાનો કારસો રશિયાએ ઘડ્યો હોવાના આક્ષેપ પણ તેઓ કરે છે.અમેરિકા તથા યુક્રેનના સાથી દેશોએ રશિયા પર બિનશરતી શસ્ત્ર વિરામ માટે દબાણ કર્યું છે.

## મુંબઈ ઇન્ડિયન્સે ગુજરાત ટાઇટન્સને ૨૦ રને હરાવ્યું



। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ માં આજે રમાયેલા એલિમિનેટર મુકાબલામાં મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત ટાઈટન્સને ૨૦ રનથી હરાવીને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દીધી છે. આ જીત સાથે મુંબઈ ઈન્ડિયન્સેનો મુકાબલો રવિવારે અમદાવાદમાં પંજાબ કિંગ્સ સામે થશે. આજની મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો અને નિર્ધારિત ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૨૮ રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. મુંબઈના બેટ્સમેનોએ આક્રમક રમત દાખવીને ગુજરાતના બોલરોને હંફાવ્યા હતા.૨૨૯ રનના પડકારજનક લક્ષ્યનો પીછો કરતા ગુજરાત ટાઈટન્સની ટીમ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૦૮ રન જ બનાવી શકી હતી. ગુજરાતના બેટ્સમેનોએ પ્રયાસ કર્યો હતો, પરંતુ મુંબઈના બોલરોની ચુસ્ત બોલિંગ અને ફિલ્ડિંગ સામે તેઓ લક્ષ્ય સુધી પહોંચી શક્યા ન હતા. આ હાર સાથે ગુજરાત ટાઈટન્સ IPL 2025 માંથી બહાર થઈ છે. હવે મુંબઈ ઈન્ડિયન્સનો આગામી મુકાબલો પંજાબ કિંગ્સ સામે થશે. આ મેચ રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે, અને આ મેચના વિજેતા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે ફાઈનલમાં ટકરાશે. ક્રિકેટ ચાહકો આ હાઈ-વોલ્ટેજ મુકાબલાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

## ગ્લેશિયરો પીગળતા ભારત સહિત છ દેશો પર આફતનું જોખમ



। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

સ્વિટ્ઝર્લેન્ડમાં બરફાચ્છાદિત બિએત્શહોર્ન પર્વતો વચ્ચે લોત્શેન્ટલ ખીણમાં બ્લેટેન નામનું સુંદર ગામ આવેલું હતું, પરંતુ બુધવારે હિમાચ્છાદિત પર્વત પરથી ગ્લેશિયરનો એક વિશાળ ભાગ તૂટી પડતાં બ્લેટેન ગામ બરફ, કિચડ અને ખડકાળ પથ્થરોના કાટમાળમાં દટાઈ ગયું. જોકે, આ દુર્ઘટના પહેલાં જ અહીં વસતા ૩૦૦થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડી લેવાયા હતા, પરંતુ ગ્લેશિયર તૂટી પડવાની ઘટનાએ ફરી એક વખત માનવ સર્જિત ગ્લોબલ વોર્મિંગ એટલે કે જળવાયુ પરિવર્તનના કારણે આવતી વિનાશક કુદરતી આફતો તરફ દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. સાયન્સ સામયિકમાં પ્રકાશિત એક નવા સંશોધન મુજબ વૈશ્વિક તાપમાન પૂર્વ ઔદ્યોગિક સ્તરની સરખામણીમાં ૨.૭ ડિગ્રી સે. સુધી વધી જશે તો ગ્લેશિયરનો ૭૫ ટકા બરફ પીગળી જશે. એવામાં તાપમાનમાં વધારાને ૧.૫ ડિગ્રી સે. સુધી મર્યાદિત રાખીને ૫૪ ટકા ગ્લેશિયરને સુરક્ષિત રાખી શકાશે.આ સંશોધન મુજબ હિન્દુ કુશ હિમાલયમાં સદીના અંત સુધીમાં ૭૫ ટકા બરફ પીગળી શકે છે. વૈશ્વિક તાપમાન ૨ ડિગ્રીથી વધુ વધતું રહેશે તો ૨૦૦ કરોડ લોકોને પાણી આપતી નદીઓનો સ્રોત ખોરવાઈ જશે. જળવાયુ પરિવર્તન અંગે દુનિયાની વર્તમાન નીતિઓ યથાવત રહેશે તો વર્ષ ૨૧૦૦ સુધીમાં દુનિયાનું તાપમાન ૨.૭ ડિગ્રી સે. સુધી વધી શકે છે.હિન્દુ કુશ હિમાલયને દુનિયાનો ત્રીજો ધ્રૂવ કહેવાય છે, કારણ કે અહીં એન્ટાર્કટિકા અને આર્કટિક પછી બરફનો સૌથી વધુ ભંડાર છે. આ ક્ષેત્ર ગંગા, યમુના, બ્રહ્મપુત્ર, સિંધુ, કાબુલ જેવી દુનિયાની ૧૦ મુખ્ય નદીઓનો પાણીનો સ્રોત છે. આ નદીઓ ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, ભૂટાન અને ચીન જેવા દેશો માટે જીવન રેખા છે. બરફ પીગળવાથી આ દેશોમાં પાણી, ખેતી અને ઊર્જા પર સંકટ આવી શકે છે.

### પોલીસ ફરિયાદ નોંધાઈ

# ભરૂચ જિલ્લાના ૫૬ ગામોમાં મનરેગા યોજનામાં ૭.૩૦ કરોડનું કૌભાંડ

## વધારે મટિરિયલ બતાવીને તેના ખોટા બિલ બનાવવામાં આવ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે

। (એજન્સી) ભરૂચ, તા.૩૧ ।

ગુજરાતમાં મનરેગા યોજના કૌભાંડમાં દાહોદના મંત્રી બચુ ખાબડના બે પુત્રોએ કૌભાંડ આચર્યું હોવાની ઘટના સામે આવ્યું હતું. ત્યારબાદ પંચમહાલના જાંબુઘોડા અને ચોટીલા તાલુકાના પીપરાળીમાં મનરેગા યોજનામાં ગેરરિતી આચરી કૌભાંડ થયું હોવાનો પર્દાફાશ થયો હતો. ત્યારે હવે ભરૂચ જિલ્લાના ૫૬ ગામોમાં રૂપિયા ૭.૩૦ કરોડનું મનરેગા કૌભાંડ આચર્યું હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે.

ભરૂચ ખાતે મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે ફરજ બજાવતા પ્રતિક ઉદેસિંહ ચૌધરીએ મનરેગા યોજનામાં આમોદ, જંબુસર, હાંસોટમાં કરોડોનું કૌભાંડ થયું હોવાની ફરિયાદ નોંધાઈ છે. જેમાં જલારામ એન્ટરપ્રાઈઝ એજન્સી(પિયુષભાઈ નુકાણી), મુરલીધર એન્ટરપ્રાઈઝ (જોધાભાઈ સભાડ) અને કરાર આધારિત આઉટસોર્સ કર્મચારી સામે ફરિયાદ નોંધાઈ છે. જેમાં ભ્રષ્ટાચાર કરવા માટે ૬૦- ૪૦નો રેશિયો તોડીને મટીરિયલની ખરીદી કરવામાં આવી છે. સરકારી એસઓપી અને ક્રાઈટ એરિયા મુજબ કામ થયું અને કામ પૈસા ચૂકવી દેવાની વાત કરવામાં આવી છે. વધારે મટિરિયલ બતાવીને તેના ખોટા બિલ બનાવવામાં આવ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

મુરલી એન્ટરપ્રાઈઝને ૧૩,૦૫,૬૭૬ તથા જલારામ એન્ટરપ્રાઈઝને ૬,૫૮,૮૯૮ એમ કુલ ૧૯,૬૪, ૫૭૪ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. તેમજ ભરૂચ જિલ્લાના ૫૬ ગામોમાં અંદાજે ૭,૩૦,૦૦,૦૦૦ કરોડોની નાણાકીય ગેરરિતિ આચરવામાં આવી છે. દાહોદ જેવો જ ભ્રષ્ટાચાર હવે પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના ૨૬ ગ્રામ પંચાયત છે અને ફક્ત ૪૨,૦૦૦ ની વસ્તી છે. જેમાં ૨૦૨૧-૨૨માં ૫૪ કરોડોનો ખર્ચ, ૨૦૨૨-૨૩માં ૧૨૮.૯૯ કરોડ, ૨૦૨૩-૨૪ ૬૯.૮૮માં કરોડ, ૨૦૨૪-૨૫ વર્ષમાં ૪૦.૩૮ કરોડ ખર્ચ થયો છે. જેમાં ગિરિરાજ ટ્રેડર્સ, ગિરિરાજ ટ્રેડિંગ કંપની અને જય માતાજી સપ્લાયર્સ જેવી કંપનીઓ દ્વારા કરવામાં આવ્યું છે.

દાહોદ જિલ્લામાં નકલી એન.એ. જમીન કૌભાંડ બાદ મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજના (મનરેગા) માં કરવાના થતા કામોમાં ખોટા દસ્તાવેજો ઊભા કરી વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ વચ્ચે ગેરરીતિ આચરવામાં આવી છે. આ ગેરરીતિનો આંકડો ૭૧ કરોડ રૂપિયાથી વધુનો થાય છે. આ મામલે શુક્રવારે દાહોદ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ધાનપુર અને દેવગઢ બારીયાની મળીને ૩૫ એજન્સીઓ સામે ગુનો દાખલ કર્યો છે.


### છેલ્લે વર્ષ ૨૦૧૩માં કેરળમાં સબાઇન ગુલ પક્ષી જોવા મળ્યું હતું

# ગુજરાતના નળસરોવરમાં દુર્લભ ગણાતું સબાઇન ગુલ (Sabine's Gull) પક્ષી જોવા મળ્યું

। (એજન્સી) અમરેલી, તા.૩૧ ।

અમદાવાદ નજીક આવેલુ નળસરોવર પક્ષીપ્રેમીઓ માટે પક્ષીતીર્થ તરીકે જાણીતુ છે. એટલું જ નહીં, ગુજરાત સહિત દેશભરના પક્ષી પ્રેમીઓમાં તે આગવું મહત્વ ધરાવે છે. ગુજરાતના પક્ષી તીર્થ ગણાતા નળસરોવરમાં પક્ષીપ્રેમીઓ અને પક્ષીવિદો માટે એક રોમાંચક અને આનંદ દાયક ઘટના બની છે. ૩૦મે ૨૦૨૫ના રોજ સવારે લગભગ ૯:૦૦ કલાકે નળસરોવરમાં દુર્લભ ગણાતું સબાઈન ગુલ (Xema sabini) પક્ષી જોવા મળ્યું હતું. ઈ - બર્ડ જેવા જાહેર પક્ષી નિરીક્ષણ ડેટાબેઝ અનુસાર, ભારતમાં આ પક્ષી છેલ્લે ૨૦૧૩ માં કેરળમાં જોવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, સબાઈન ગુલ એક નાનું, સુંદર પક્ષી છે, જે તેના આકર્ષક દેખાવ માટે જાણીતું છે. તે તીક્ષ્ણ કાળી ટોપી, સફેદ ડોક અને સ્વચ્છ રાખોડી પાંખો ધરાવે છે. તેની સૌથી વિશિષ્ટ વિશેષતાઓમાંની એક તેની કાળી, સફેદ અને રાખોડી રંગો સાથેની ત્રિરંગી પાંખની ભાત છે. તે પીળી ટોચ સાથે કાળી ચાંચ અને ખાંચવાળી પૂંછડી ધરાવતા માત્ર બે ગુલમાંનું એક છે. વન વિભાગના કર્મચારીઓ તેમની દૈનિક વિહાર



પ્રક્રિયામાં હતા ત્યારે અચાનક આ પક્ષી જળાશયના પાણીમાં પાણીમાં જોવા મળ્યું હતું, જેનાથી અભયારણ્યના કર્મચારીઓ અને મુલાકાતીઓમાં આનંદ સથે આશ્ચર્ય ફેલાયું હતું. નળ સરોવર સહિત સમગ્ર રાજ્ય માટે આ એક મહત્વપૂર્ણ અવલોકન છે, કારણ કે સબાઈન ગુલ ભારતીય ઉપખંડમાં એક દુર્લભપણે જોવા મળતું પક્ષી છે, અગાઉ તે જવલ્લે જ જોવા મળ્યું છે. આ પ્રજાતિ ઉત્તર અમેરિકા, ગ્રીનલેન્ડ અને સાઈબેરિયાના ઉચ્ચ-અક્ષાંશ આર્કટિક પ્રદેશોમાં પ્રજનન કરે છે, જે ટુંડ્રના જળાશય કિનારાની નજીક માળો બનાવે છે. તે મુખ્યત્વે દક્ષિણ અમેરિકા અને આફ્રિકાના પશ્ચિમ કિનારાના સમૃદ્ધ દરિયાઈ વિસ્તારોમાં શિયાળો ગાળવા માટે લાંબા અંતરનું સ્થળાંતર કરે છે. ઘણા સ્થળાંતર કરનારા પક્ષીઓથી વિપરીત, સેબાઈનના ગુલનો કોઈ નિયમિત ફ્લાય-વે નથી, જે ભારતને પાર કરે. અહીં તેની હાજરી આકસ્મિક માનવામાં આવે છે, જેમાં સંભવતઃ તેમના સામાન્ય સ્થળાંતર માર્ગોથી ભટક્યા હોય તેવી શક્યતા રહે છે. ભારતમાં આ પક્ષી જોવા મળવું અત્યંત દુર્લભ માનવામાં આવે છે અને તે પ્રદેશમાં સતત સ્થળાંતર કરતાં હોય તેવી પેટર્ન સૂચવતા નથી.નળ સરોવર ભારતના સૌથી મોટા અને ઈકોલોજીકલી મહત્વ પૂર્ણ જળાશય અભયારણ્યોમાંનું એક છે, જે ફ્લેમિંગો, પેલિકન, બતક અને વેડર્સની અસંખ્ય પ્રજાતિઓ સહિત સ્થળાંતર કરનારા અને સ્થાનિક પક્ષીઓ માટે પહેલેથી જ એક આશ્રયસ્થાન છે.

### સેસન્સ કોર્ટમાં ૧૫ દિવસ માટે વચગાળાની જામીન અરજી રજૂ કરી હતી

# પાંચ વર્ષથી વધુ સમય જેલમાં રહેલા આરોપીના વચગાળાના જામીન નામંજૂર

## સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સને ૨૦૧૯માં થયેલી હત્યાના ગુનામાં આરોપી સમીર અશોકભાઈ પંડ્યા છેલ્લા ૫ વર્ષથી જેલમાં છે

। (એજન્સી) વડોદરા, તા.૩૧ ।

અત્યારના ગુનામાં અંદાજે છેલ્લા પોણા છ વર્ષથી જેલમાં રહેલા કેદીએ બાળકોના અભ્યાસની ફી અને પત્નીના ઓપરેશન બાબતો જેવી પારિવારિક તકલીફો જણાવીને અદાલત સમક્ષ ૧૫ દિવસના વચગાળાના માંગેલા જામીન અદાલતે નામંજુર કર્યા છે. ઉલ્લેખનીય છે કે આરોપીને અગાઉ વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા ત્યારે જામીનમુક્ત થઈને ફરાર થઈ ગયો હતો. ઉલ્લેખનીય છે કે સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સને ૨૦૧૯માં થયેલી હત્યાના ગુનામાં આરોપી સમીર અશોકભાઈ પંડ્યા છેલ્લા ૫ વર્ષથી જેલમાં છે.

આ આરોપીએ અગાઉ માંગેલા વચગાળાના જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો પરંતુ નિયત સમયે હાજર નહીં થઈને ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ આરોપીએ ફરી એકવાર એડિશનલ સેસન્સ કોર્ટમાં ૧૫ દિવસ માટે વચગાળાની જામીન અરજી રજૂ કરી હતી. જેમાં આરોપીએ બાળકોના અભ્યાસ પત્નીના ઓપરેશન જેવી પારિવારિક તકલીફો વિશે જણાવ્યું હતું. પરંતુ સરકારી વકીલ એપીપી પી.સી. પટેલે કરેલી દલીલોમાં જણાવ્યું હતુ કે આરોપીને વચગાળાના જામીન પર મુક્ત કરવાથી કેસને નુકસાન થઈ શકે છે. ઉપરાંત નિયત મુદતમાં જેલ ખાતે પરત નહીં આવીને ભાગી જાય તેવી શક્યતા નકારી શકાતી નથી. આમ આરોપીના વચગાળાના જામીનના મંજૂર કરવા અદાલત સમક્ષ વિનંતી કરી હતી. પરિણામે એડિશનલ સેશન્સ જજ શકુંતલાબેન નરેશકુમાર સોલંકીની અદાલતે આરોપીના વચગાળાના જામીન નામંજૂર કર્યા હતા.


### કામગીરી ચોમાસા અગાઉ અંદાજિત ૯૦ ટકા પૂરી થઈ ગઈ છે

# વિશ્વામિત્રી નદી કિનારે પ્લાસ્ટિક સ્ક્રેપ ભરેલા થેલા ઠાલવી જવાથી વિવાદ

## વિશ્વામિત્રી નદીને ઊંડી અને પહોળી કરવાનો કરોડો રૂપિયા નો વિશ્વામિત્રી રિવાઇવલ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો

। (એજન્સી) વડોદરા, તા.૩૧ ।

વડોદરા શહેરમાં ગત ચોમાસામાં વિશ્વામિત્રી નદીમાં ત્રણ વાર ભારે પૂર આવ્યું હતું. પરિણામે શહેરીજનોને ભારે યાતનાઓ ભોગવવી પડી હતી ત્યારબાદ લોકોને પૂરથી બચાવવા માટે વિશ્વામિત્રી નદીને ઊંડી અને પહોળી કરવાનો કરોડો રૂપિયાનો વિશ્વામિત્રી રિવાઈવલ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો.



આ પ્રોજેક્ટની કામગીરી ચોમાસા અગાઉ અંદાજિત ૯૦ ટકા પૂરી થઈ ગઈ છે. જ્યારે બીજી બાજુ શહેરના દક્ષિણ વિસ્તારમાં માંજલપુર ખાતે આવેલી વિશ્વામિત્રી નદીનો રિવાઈવલ પ્રોજેક્ટ લગભગ પૂર્ણ થયો છે ત્યારે નદીના કિનારે પ્લાસ્ટિકના થેલા ભરેલા સ્ક્રેપ સહિત છૂટો પ્લાસ્ટિકનો સ્ક્રેપ નાખવામાં આવે છે. આગામી ચોમાસા દરમિયાન જો પૂર આવે તો આ સમગ્ર સ્ક્રેપ નદીમાં તણાઈ જાય. આવા અણગઢ વહીવટ બાબતે અહીંયા પ્લાસ્ટિકનો સ્ક્રેપ નાખવાની મંજૂરી કોણે આપી એ અંગે તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવવાની શક્યતા નકારી શકાતી નથી. ઉપરાંત પણ પ્લાસ્ટિકના સ્ક્રેપ ભરેલા કોથળા ભરેલી હાથલારીઓ પણ નિયમિત રીતે આવે છે તે સ્પષ્ટ જણાય છે. જોકે દક્ષિણ વિસ્તારનો સ્ક્રેપને કચરો ભરેલી ગાડીઓ પણ મુંજ મહુડા ખાતે નાખવા માટેની જગ્યા નક્કી કરવામાં આવી છે.

### રખડતા આખલાએ બાઈક સવાર યુવક અને યુવતીને અડફેટે લીધા

। જામ ખંભાળિયા, તા.૩૧ ।

ગુજરાતમાં રખડતા પશુઓના કારણે અનેક લોકોની જિંદગી જોખમમાં મુકાય છે. પશુઓના હુમલાથી અનેક લોકોને ગંભીર ઈજાઓ પહોંચે છે તો કેટલાક લોકો મોતને ભેટે છે. તંત્ર દ્વારા રખડતા પશુઓ સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવતી નથી. દેવભૂમિ દ્વારકાના જામ ખંભાળિયામાં રખડતા પશુઓનો આતંક સામે આવ્યો છે. નગર પાલિકાની બેદરકારીથી લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. બાઈક પર જઈ રહેલા યુવક અને યુવતીએ રખડતા આખલાએ અડપેટે લીધા હતાં.

### લગ્નોત્સુક યુવાનો સાથે છેતરપિંડીના કિસ્સાનું પ્રમાણ સતત વધવા લાગ્યું છે

# સુરતની અઠવા પોલીસે લુંટેરી દુલ્હનની ટોળકી પકડી પાડી

। (એજન્સી) સુરત, તા.૩૧ ।

સુરતની અઠવા પોલીસે લુંટેરી દુલ્હનની ટોળકી પકડી પાડી છે. લુંટેરી દુલ્હને અમદાવાદના યુવાન સાથે લગ્ન કર્યા હતા. લુટેરી દુલ્હનની માતાએ તેના પિતા ન હોવાનું કહીને એક લાખ રૂપિયા માંગ્યા હતા અને તે યુવાને આપી પણ દીધા હતા. પણ લગ્નના બીજા જ દિવસે લુંટેરી દુલ્હન બહાનું કાઢીને માતા સાથે ભાગી ગાઈ હતી. તેના પછી તેણે પતિ સાથે રહેવાનો પણ ઈક્કાર કર્યો હતો અને એક લાખ રૂપિયા આપવાની પણ ના પાડી દીધી હતી. ફરિયાદના આધારે પોલીસે મહિલા ટોળકીની ધરપકડ કરી છે. આમ હવે લગ્નોત્સુક યુવાનો સાથે છેતરપિડીના કિસ્સાનું પ્રમાણ સતત વધવા લાગ્યું છે. પહેલા લુંટેરી દુલ્હનના કિસ્સા પણ ભાગ્યે જ જોવા મળતા હતા, હવે આ પ્રકારના કિસ્સાનું પ્રમાણ પણ વધવા લાગ્યું છે. આ પહેલાં પણ બનેલી આવી જ ઘટનામાં સુરતમાં લુંટેરી દુલ્હન યુવાનને લૂંટીને ભાગી છૂટી હતી. ૩૯ વર્ષીય છૂટાછેડા લીધેલી મહિલા સુરતના યોગી ચોક વિસ્તારમાં રહે છે. છૂટાછેડા લીધેલ વ્યક્તિ તેના ૧૫ વર્ષના પુત્ર અને પરિવારના અન્ય સભ્યો સાથે રહેતો હતો. આ સમય દરમિયાન, તેમનો દીકરો નાનો હોવાથી, તેમણે ફરીથી લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. તેથી તેણે પરિવારના સભ્યો સાથે વાત કરી.

### સ્કૂલ દ્વારા એફઆરસીના નિયમોનું પાલન કરાઈ રહ્યું નથી

# FRC દ્વારા વડોદરાની વિબગ્યોર સ્કૂલને ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો

। (એજન્સી) વડોદરા, તા.૩૧ ।

વડોદરા ઝોન એફઆરસીના સભ્ય કૃણાલ બ્રહ્મભટ્ટે એક વાતચીતમાં કહ્યું હતું કે, આ સ્કૂલ દ્વારા એફઆરસીના નિયમોનું પાલન કરાઈ રહ્યું નથી.વાલીઓ દ્વારા સ્કૂલ સામે છેલ્લા કેટલાક મહિનાઓમાં સંખ્યાબંધ વખત વધારે ફી લેવાતી હોવાની રજૂઆત કરવામાં આવી છે.

તેમણે આગળ કહ્યું હતું કે, સ્કૂલને નોટિસ બોર્ડ પર એફઆરસીનો ફીનો ઓર્ડર નહીં મૂકવા બદલ એક લાખ રૂપિયા, એફઆરસીના નિયમ પ્રમાણે એક ક્વાર્ટરની જગ્યાએ બે ક્વાર્ટરની ફી વાલીઓ પાસેથી લેવા બદલ એક લાખ રૂપિયા, વાલીઓની ફરિયાદ બાદ ડીઈઓ કચેરી દ્વારા બનાવવામાં આવેલી તપાસ સમિતિને જરૂરી દસ્તાવેજો પૂરા નહીં પાડવા બદલ ત્રણ લાખ રૂપિયા અને એક જ કેમ્પસમાં પ્રી પ્રાઈમરી સ્કૂલ ચલાવવા માટે અને તેની ફી મંજૂર નહીં કરવા માટે પાંચ લાખ રૂપિયા એમ કુલ મળીને દસ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. સ્કૂલને પણ તેની સામે જવાબ આપવા માટે ત્રણ તક આપવામાં આવી હતી. સ્કૂલ સંચાલકો સંતોષકારક જવાબ રજૂ કરી શક્યા નથી. તેમણે કહ્યું હતું કે, વડોદરાના ઈતિહાસમાં ક્યારેય કોઈ સ્કૂલને એફઆરસી દ્વારા આટલો દંડ ફટકારવામાં આવ્યો નથી. અન્ય સ્કૂલો પણ જો નીતિ નિયમોનું પાલન નહીં કરે તો તેમની સામે પણ કાર્યવાહી થશે. સાથે-સાથે વાલીઓ પણ જાગૃત બને અને જો સ્કૂલ દ્વારા વધારે ફી લેવાતી હોય તો એફઆરસીનો સંપર્ક કરે. એફઆરસી અને સરકાર વાલીઓના હિતને ધ્યાનમાં રાખીને જ કામગીરી કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, વિબગ્યોર સ્કૂલને માર્ચ મહિનામાં ડીઈઓ કચેરીએ ત્રણ લાખ રૂપિયા દંડ ફટકાર્યો હતો. તેના પહેલા એફઆરસી દ્વારા ૨૦૨૪માં પણ વાલીઓ પાસેથી વધારે ફી લેવા બદલ બે લાખ રૂપિયા દંડ ફટકારવામાં આવ્યો હતો.

### રાજ્યમાં નાની નાની બાબતે હત્યાની ઘટનાઓ

# ખેડામાં સામાન્ય બાબતે બે પરિવાર વચ્ચે થઈ ઉગ્ર બોલાચાલી, યુવકની કરાઈ હત્યા

## આ સમગ્ર મામલે ખેડા ટાઉન પોલીસ દ્વારા પિતા મુકેશ પટેલ તેમજ પુત્ર ભદ્રેશ પટેલ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે

। (એજન્સી) ખેડા, તા.૩૧ ।

રાજ્યમાં નાની નાની બાબતે હત્યાની ઘટનાઓ બની જવી હવે જાણે કે સામાન્ય બની ગયું હોય તેવું લાગી રહ્યું છે, એક તરફ સરકાર કહી રહી છે કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય છે પણ વાસ્તવિક સ્થિતિ કંઈક જુદી જ હોય તેવું રાજ્યમાં બનતી હત્યાની ઘટનાઓ પરથી લાગી રહ્યું છે. ત્યારે ખેડા જિલ્લાના ચાંદાણા ગામે પણ હત્યાની એક ઘટના સામે આવી છે. સામાન્ય પાણી ઢોળવા બાબતે બે પરિવાર વચ્ચે ઉગ્ર બોલાચાલી અને મારામારી થઈ ગઈ હતી. આ સામાન્ય તકરાર બાદ બંને પરિવારો સામ સામે આવી ગયા હતા અને આ મારામારીની ઘટનામાં મુકેશ પટેલે લોખંડની પાઈપ સુનિલ પટેલના માથામાં મારી મોતને ઘાટ ઉતારી દીધા હતા. આમ, મારામારીની ઘટના હત્યામાં ફેરવાઈ હતી. ત્યારબાદ હેતલબેન અને રંજનબેન પટેલને હાથે તેમજ પગે લાકડાના ફટકા મારી ઈજા પહોંચાડવામાં આવી હતી. 'તમે ફળિયામાં પાણી કેમ ઢોળો છો' તેવું કહેતા ઉગ્ર બોલા ચાલી થઈ હતી. સુનિલ પટેલના માથામાં ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન તેમનું મોત થયું છે. ખેડા સિવિલ હોસ્પિટલ ખાતે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરીને આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.







